નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765 Daily Morning Newspaper

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ | Date :15 OCTOBER 2024 | TUESDAY | Page :8 | Year : 2 | Issue :168 | Price: 2/-




હજુ તો ગુજરાતમાં પાંચ દિવસ વરસાદની આગાહી
જુઓ પેજ નં.૪

## ગુજરાત ડ્રગ્સનું ટ્રાન્ઝીસ્ટ પોઈન્ટ કેન્દ્ર? સુરક્ષા એજન્સી સ્તબ્ધ

### ડ્રગ્સનું આયાત કેન્દ્ર બન્યું ગુજરાત, ૭ વર્ષમાં પ્રતિદિન સરેરાશ ૧૫ કરોડનું ડ્રગ્સ પકડાયું, નશાબંધી કાયદો નામશેષ!

નવી દિલ્હી,તા.૧૪

ગુજરાત ડ્રગ્ઝ-કેફી પદાર્થનું ટ્રાન્ઝીટ પોઈન્ટ બની રહ્યાની છાપ પછી તેનાં ઉત્પાદનનું મથક બની ગયાના સંકેત અંકલેશ્વરમાંથી પકડાયેલા કોકેન પરથી ઉઠવા લાગ્યા છે. અંકલેશ્વરની ખાનગી કંપનીમાથી પકડાયેલા ૫૧૮ કિલો કોકેન ડ્રગ્સનુ ત્યાં જ ઉત્પાદન થયાનો ખુલાસો થયો છે. પકડાયેલા આ ડ્રગ્સની કિંમત ૬૦૦૦ કરોડની આંકવામાં આવી છે અને તેમાં આંતર રાષ્ટ્રીય ડ્રગ્સ ગેંગની સંડોવણી હોવાની આશંકા વ્યકત કરવામાં આવી રહી છે.

પાટનગર દિલ્હીમાંથી પખવાડીયા પહેલા ૨૦૦૦ કરોડથી અધિકનુ કોકેન પકડાયું હતું અને તપાસ દરમ્યાન તેનુ ગુજરાત કનેકશન ખુલ્યુ હતું. તેના આધારે દિલ્હી તથા ગુજરાત પોલીસ દ્વારા સંયુકત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. ભરૂચ જીલ્લાનાં અંકલેશ્વરમા આવેલી આવકાર ડ્રગ્સ નામની ફેકટરીમાં દરોડો પાડવામાં આવ્યો હતો. જયાંથી ૫૬૨ કિલો કોકેન જપ્ત કરાયું હતું.

ભરૂચનાં પોલીસ વડા મયુર ચાવડાએ જણાવ્યું હતું કે દિલ્હીમાંથી અગાઉ પકડાયેલા કોકેનનાં કનેકશનમાં અંકલેશ્વરમાં દરોડો પાડવામાં આવ્યો હતો. ગુજરાત પોલીસ મદદમાં હતી. કેન્દ્રીય ગુપ્તચર વિભાગ દ્વારા ગત ઓગસ્ટમાં આ ડ્રગ્સ વિશે બાતમી આપવામાં આવી હતી. અત્યાર સુધીમાં જુદી જુદી કાર્યવાહીમાં ૧૨૫ કિલો સંકેત તથા થાઈલેન્ડનું ૪૦ કિલો ચરસ જપ્ત કરવામાં આવ્યું છે. તેની કુલ કિંમત ૧૫૦૦૦ કરોડ થવા જાય છે.દિલ્હી સ્પેશ્યલ સેલ દ્વારા મહીપાલપુરમાં ૧ ઓકટોબરે દરોડો પાડવામાં આવ્યો હતો અને વેર હાઉસમાંથી ૫૬૨ કિલો કોકેન તથા ૪૦ કિલો ચરસ પકડી પાડવામાં આવ્યું હતું. ત્યારબાદ દિલ્હીમાંથી જ વધુ ૨૦૮ કિલો કોકેન જપ્ત કરવામાં આવ્યું હતું.આ કેસમાં પકડાયેલા આરોપીઓની પૂછપરછ તથા તેમનાં મોબાઈલ ફોનની તપાસ અંગે ખુલાસો થયો હતો કે ગુજરાતની અંકલેશ્વર સ્થિત ફેકટરીમાંથી આ કોકેન આવ્યુ હતું અને તેના આધારે ઓપરેશન હાથ ધરાયુ હતું.

#### કયારે-કેટલુ ડ્રગ્સ પકડાયુ?

**૨૮ ફેબ્રુઆરી ૨૦૨૪**

ગુજરાતના કિનારેથી ૩૩૦૦ કિલો ચરસ સહિતનું ડ્રગ્સ જપ્ત થયુ હતું.તેની કિંમત ૨૦૦૦ કરોડ હતી.પાંચ ઈરાની નાગરીક પકડાયા હતા.

**૧૩ મે ૨૦૨૩**

કેરળનાં કાંઠેથી ૨૫૦૦ કિલો ડ્રગ્સ જપ્ત કરાયુ હતું. તેની કિંમત ૧૫૦૦૦ કરોડ હતી.

**સપ્ટેમ્બર ૨૦૨૧**

ગુજરાતના મુંદ્રા પોર્ટ પરથી ૨૧૦૦૦ કરોડની કિંમતનું ૩૦૦૦ કિલો હેરોઈન જપ્ત થયુ હતું.

## યુપીના બહરાઇચમાં હોસ્પિટલ, દુકાનો, મોલ આગને હવાલો : ઈન્ટરનેટ બંધ

### દુર્ગા પૂજા દરમિયાન યુવકના મોત બાદ ભડકેલી હિંસા વધુ ઉગ્ર બની



લખનઉ : ઉત્તર પ્રદેશના બહરાઈચમાં હિંસા બાદ લખનઉ સુધી હડકંપ જોવા મળ્યો હતો. સોમવારે ફરી હિંસા ભડકી ઉઠી હતી અને અનેક લોકો હાથમાં લોખંડના સળિયા અને લાઠીઓ લઈને રસ્તા પર ઉતર્યા હતા. આ દરમિયાન અનેક દુકાનોને આગ લગાવી દેવામાં આવી હતી. જ્યારે વાહનોમાં પણ ભારે તોડફોડ કરવામાં આવી હતી. અગાઉ કોમી હિંસા દરમિયાન એક યુવકના મોત બાદ સોમવારે લોકોમાં રોષ વધ્યો હતો.

રવિવારે દુર્ગા પૂજા દરમિયાન મહારાજગંજ વિસ્તારમાં હિંસા ભડકી ઉઠી હતી, જેને લઈને પોલીસે ૩૧ની ધરપકડ કરી છે. સોમવારે અનેક વિસ્તારોમાં ઉગ્ર વિરોધ પ્રદર્શન જોવા મળ્યો હતો. અને લોકોએ પોલીસ તેમજ પ્રશાસનની સામે સુત્રોચ્ચાર કર્યો હતો. બાદમાં ટોળાને વિખેરીને પોલીસે ફ્લેગ માર્ચ કાઢી હતી. જોકે તેમ થતા હિંસા નહોતી અટકી શકી. ગૃહ સચિવ સંજીવ ગુપ્તા અને એડિશનલ ડાયરેક્ટર જનરલ અમિતાભ યશ સ્થળ પર પહોંચ્યા હતા. આ ઉપરાંત પોલીસનો મોટો કાફલો ખડકી દેવામાં આવ્યો હતો.

હિંસાને લઈને વિવાદ વધી રહ્યો છે. કોંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધીએ યોગી સરકાર સમક્ષ શાંતિ વ્યવસ્થા જાળવવાની અપીલ કરી હતી. સાથે જ જનતાને પણ કાયદો વ્યવસ્થા હાથમાં ના લેવા તેમજ શાંતિ જાળવવા માટે કહ્યું હતું. રવિવારે હિંસા દરમિયાન રામ ગોપાલ મિશ્ર નામના એક ૨૨ વર્ષીય યુવકનું મોત નિપજ્યું હતું. આ મોતના અહેવાલો સમગ્ર વિસ્તારમાં ફેલાઈ ગયા હતા જે બાદ અશાંતિનો માહોલ જોવા મળી રહ્યો છે.

## ભારતનો વધુ એક મોટો નિર્ણય, કેનેડાના હાઈ કમિશનર સહિત ૬ રાજદ્વારીની કરી હકાલપટ્ટીઃ દેશ છોડવા આદેશ

કેનેડામાં ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની કથિત હત્યા બાદ કેનેડિયન વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો વારંવાર ભારત વિરુદ્ધ અવાર-નવાર ઝેર ઓકતા રહે છે. ટ્રુડો સરકારે નિજ્જર કેસમાં ભારતીય હાઈ કમિશનર સંજય કુમાર વર્માએ ‘વ્યક્તિગત હિત’નો ઉપયોગ કર્યો હોવાનો આક્ષેપ કર્યા બાદ ભારતે કેનેડામાંથી ભારતીય રાજદૂતને પરત બોલાવી લીધા બાદ વધુ એક મોટો નિર્ણય કર્યો છે. કેન્દ્ર સરકારે કેનેડાના હાઈકમિશનર સહિત છ રાજદ્વારીની હકાલપટ્ટી કરી છે. ભારતે તેમને ૧૯ ઓક્ટોબર સુધીમાં દેશ છોડવાનો આદેશ આપ્યો છે. આ પહેલા કેન્દ્ર સરકારે સંજય કુમાર વર્માને તાત્કાલિક ત્યાંથી ભારત પરત બોલાવી દીધા છે. ભારત સરકારે કેનેડામાંથી હાઈ કમિશનર અને અન્ય લક્ષિત રાજદ્વારીઓ અને અધિકારીઓને પાછા ખેંચવાનો નિર્ણય લીધો છે.

ભારતે કેનેડાના રાજદ્વારીઓને હાંકી કાઢ્યા છે અને તેમને શનિવાર ૧૯ ઓક્ટોબરની મધ્યરાત્રિ ૧૨ પહેલા ભારત છોડવા આદેશ આપ્યો છે. આ રાજદ્વારીઓમાં કાર્યવાહક હાઈ કમિશનર સ્ટુઅર્ટ રોસ વ્હીલર, ડેપ્યુટી હાઈ કમિશનર પેટ્રિક હેબર્ટ, ફર્સ્ટ સેક્રેટરી મેરી કેથરીન જોલી, ફર્સ્ટ સેક્રેટરી લેન રોસ ડેવિડ ટ્રાઈટ્સ, ફર્સ્ટ સેક્રેટરી એડમ જેમ્સ, ફર્સ્ટ સેક્રેટરી પૌલ ઓર્જુએલાના નામ સામેલ છે.

### વર્તમાન કેનેડાની સરકાર પર વિશ્વાસ નહીં : ભારત સરકાર

આ મામલાને લઈને ભારતીય વિદેશ મંત્રાલયે સોમવારે સાંજે કેનેડાના કાર્યકારી રાજદ્વારીને બોલાવ્યા હતા અને તેમને જણાવ્યું છે કે, કોઈપણ પુરાવા વિના ભારતીય હાઈ કમિશનર અને અન્ય રાજદ્વારીઓ પર આરોપ લગાવવા અસ્વીકાર્ય છે.

નો ફેવર, નો ફિઅર...
# સામના મિરર
Dt.15/10/2024 TUESDAY




## તંત્રી લેખ
–રાજેશ યુ. બગડાઈ

# ડિલિવરી સ્ટાફની ડિમાન્ડમાં ઉછાળો



દશેરાનો દિવસ પસાર થતાં જ દિવાળીના તહેવારોની ખરીદી શરૂ થઈ જાય છે. સંવત ૨૦૮૧ના નવા વર્ષની ખરીદીની મોસમને બોનસનું બૂસ્ટ મળતું હોય છે. સરકારી ઓફિસોમાં બોનસની નિશ્ચિત તારીખ હોય છે અને કર્મચારીઓનાં ખાતાંમાં તે સીધું જ જમા થઈ જતું હોય છે. કોર્પોરેટ કંપનીઓમાં હવે તેની ચૂકવણી થશે, જ્યારે ખાનગી કંપનીઓમાં દિવાળીના આગલા દિવસોમાં બોનસ ચૂકવાતું હોય છે. લોકોના હાથમાં બોનસ આવતાં જ એમને દિવાળીનું શોપિંગ કરવાની ચાનક ચડે છે.

તહેવારોના દિવસો આર્થિક તંત્રનાં પૈંડા વેગવંતા બનાવે છે. દિવાળીને હવે માંડ ૧૦ દિવસની વાર છે. ૨૮મી તારીખે અગિયારસ છે. ત્યાર બાદ દિવાળીનું વેકેશન શરૂ થશે. દિવાળીના તહેવારો લાભ પાંચમ સુધી ચાલશે. આમ તો ગઈ ૧૯ ઓગસ્ટે રક્ષાબંધનથી જ તહેવારોની મોસમ શરૂ થઈ ગઈ હતી. તહેવારોની આ મોસમ અને ખરીદી વચ્ચે ગાઢ સંબંધ છે. આ મોસમ ઠેઠ વર્ષના અંતે ક્રિસમસ અને થર્ટીફર્સ્ટ ડિસેમ્બર સુધી ચાલશે.

ઈ-કોમર્સ સાથે સંકળાયેલી કંપનીઓ છેલ્લા એક મહિનાથી વિવિધ સ્કીમો મૂકીને બેઠી છે. નવાં કપડાં, મીઠાઈ, ફરસાણ, ગિફ્ટ પેકેટ, ફટાકડા, મોબાઈલ વગેરેની ધૂમ ખરીદી થાય છે. તેમ છતાં બજારનાં વર્તુળો કહે છે કે આ વખતે હજુ સુધી દિવાળીની ખરીદી ખૂલી નથી. ઈ-કોમર્સ વેબસાઈટ્સ પર ઘરાકી ખૂલી ગઈ છે, પરંતુ બજારોમાં દિવાળીના સેલનાં પાટિયાં લગાવીને બેઠેલા વેપારીઓ ગ્રાહકોની રાહ જોઈને બેઠા છે.

દિવાળીના શોપિંગની ખાસિયત એ હોય છે કે દુકાનોમાં ઓફલાઇન મળતી વિવિધ રેન્જની કેટલીય ચીજો ઓનલાઇન ઉપલબ્ધ હોતી નથી. ઓનલાઇન ખરીદીમાં શોપિંગનો ખરો આનંદ મળતો નથી. દુકાનોની કતાર વચ્ચે જામેલી ભીડમાંથી પસાર થઈને, વસ્તુઓને સ્પર્શીને-પરખીને ખરીદી કરવાનો અને ભાવ માટે રકઝક વગેરેનો આનંદ અનેરો હોય છે!

દિવાળીના તહેવારોની સિઝનમાં ઈલેક્ટ્રોનિક ઉપકરણો, ખાસ કરીને મોબાઈલ અને ટેબ્લેટના વેચાણમાં ઉછાળો આવે છે. તહેવારોની મોસમ દરમ્યાન છૂટક જોબની તકો પણ ઊભી થાય છે. એક અંદાજ પ્રમાણે દિવાળીના તહેવારોમાં ટેમ્પરરી વર્ક માટેની ૬થી ૭ લાખ જોબ દેશભરમાં ઊભી થઈ શકે છે. કહે છે કે સર્વિસ સેક્ટરની જોબ્સમાં પણ ૧૫થી ૨૦ ટકાનો વધારો જોવા મળતો હોય છે. ક્રેડિટ કાર્ડ અને તહેવારો માટે વિશેષ લોન આપતી બેંકો પણ ગ્રાહકો સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહી છે. તહેવારોના છેલ્લા દિવસોમાં ડિલીવરી માટે દોડધામ કરી શકતા સ્ટાફની ડિમાન્ડ ઊભી થાય છે.

આ વખતની દિવાળીની ખરીદી પર આર્થિક ક્ષેત્રની તેજીની અસર વધુ જોવા મળશે. લોકોનું ઓનલાઇન શોપિંગ વધ્યું છે. ઓનલાઇન ફેસ્ટિવલ સેલ ૧૨ અબજ ડોલરનો આંકડો વટાવી શકે છે. જેટલું ઓનલાઇન સેલ છે એટલું જ દુકાનોમાં વેચાતા માલનું વેચાણ હશે એમ મનાય છે. ગયા વર્ષે ઓનલાઇન સેલ ૯.૭ અબજ ડોલરનું હતું. ક્વિક કોમર્સ આ વખતે ઓનલાઇન સેલમાં વધારો કરી શકે છે. ઓનલાઇન શોપિંગનો કોન્સેપ્ટ લોકોએ ખુલ્લા દિલે સ્વીકારી લીધો છે. નવી પેઢી ઓનલાઇન ખરીદી પર વળી ગઈ છે. અલબત્ત, દિવાળીના તહેવારોમાં ઘરની જરૂરિયાતોની ચીજો ખરીદવા લોકો ઓનલાઇન કરતાં નજીકના સ્ટોર્સ કે બજારો પર વધારે મદાર રાખે છે. ઉદાહરણ તરીકે, ઘર વપરાશમાં લેવાતી ચાદરો કે ઓશીકાંનાં કવરો ઓનલાઇન કરતાં બજારમાં રુબરુ ખરીદવાનું લોકો વધારે પસંદ કરે છે. આ પ્રકારની ચીજો ખરીદનારાઓની ભીડ હજુ બજારોમાં જોવા મળી નથી. કરિયાણા સ્ટોર્સ પર ઈ-કોમર્સનો પ્રભાવ પડી શકે છે, પરંતુ તે મોટાં શહેરોમાં. ગામડાં અને નાનાં સેન્ટરોમાં તો આજે પણ કરિયાણાની દુકાનોનું જ પ્રભુત્વ છે.

# હવે ગાંધીનગરની નેશનલ લો યુનિવર્સિટીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી !

### બોમ્બની ધમકીનો શરૂ થયો ટ્રેન્ડ !જોકે બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડની તપાસમાં કંઇ શંકાસ્પદ ન મળ્યું

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરની નેશનલ લો યુનિવર્સિટીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. ગઈકાલે મોડી રાત્રે એક ઈ-મેઈલ મારફતે આ ધમકી આપવામાં આવી છે. ઈ-મેઈલની માહિતી મળતા મોડી રાત્રે જ ગાંધીનગર પોલીસ, બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડની ટીમ યુનિવર્સિટી પહોંચી હતી અને તપાસ આદરી હતી. જો કે, અત્યાર સુધી તપાસમાં કોઈ શંકાસ્પદ મળ્યુ નથી. ધમકીભર્યો ઈ-મેઈલ કોણે કર્યો ? તે અંગેની પોલીસે તપાસ તેજ કરી છે.માહિતી મુજબ, ગાંધીનગરમાં આવેલી નેશનલ લો યુનિવર્સિટીને ગઈકાલે મોડી રાતે એક ધમકીભર્યો ઈ-મેઈલ આવ્યો હતો. આ ઈ-મેઈલમાં નેશનલ લો યુનિવર્સિટીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. આ મામલે યુનિવર્સિટી તંત્ર દ્વારા તાત્કાલિક ગાંધીનગર પોલીસને જાણ કરવામાં આવી હતી. આથી, મોડી રાતે જ ગાંધીનગર પોલીસ અને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડની ટીમ યુનિવર્સિટી પહોંચી હતી. જો કે, પોલીસ અને બોમ્બ ડિસ્પોઝલ અને ડોગ સ્કવોર્ડની તપાસમાં યુનિવર્સિટીમાંથી કોઈ પણ શંકાસ્પદ વસ્તુ મળી નહોતી. આ ધમકીભર્યો ઈ-મેઈલ ક્યાંથી આવ્યો ? અને કોણે કર્યો ? કયાં હેતુંથી કર્યો ?

અંગે ગાંધીનગર પોલીસ દ્વારા તપાસ તેજ કરવામાં આવી છે. જો કે, યુનિવર્સિટીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીવાળો ઈ-મેઈલ આવતા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓમાં ભયનો માહોલ સર્જાયો હતો અને તેઓ યુનિ.ની બહાર કેમ્પસમાં ભેગા થયા હતા.

# દિલ્હીનાં મુખ્યમંત્રી બન્યાં બાદ પહેલીવાર આતિશીએ પીએમ મોદીની મુલાકાત કરી



નવી દિલ્હી : દિલ્હીનાં મુખ્યમંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યા બાદ, આતિશીએ આજે પ્રથમ વખત વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે સૌજન્ય મુલાકાત લીધી હતી. તેમની મીટિંગનો ફોટો વડાપ્રધાન કાર્યાલયના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર પણ શેર કરવામાં આવ્યો છે.

વાસ્તવમાં આતિશીએ ૨૧ સપ્ટેમ્બરે દિલ્હીનાં મુખ્યમંત્રીની કમાન સંભાળી હતી. શપથ લેવાની સાથે જ તેઓ દિલ્હીના ત્રીજા મહિલા મુખ્યમંત્રી બન્યાં હતાં. બીજી ખાસ વાત એ છે કે રાષ્ટ્રીય રાજધાનીમાં મુખ્યમંત્રી પદ સંભાળનાર ત્રણ મહિલા મુખ્યમંત્રીઓમાં તે સૌથી યુવા મહિલા મુખ્યમંત્રી છે.

# ગુજરાતમાંથી અંડરવર્લ્ડ ચલાવવામાં આવી રહ્યું છે : શિવસેના નેતા સંજય રાઉતે

મુંબઈ, તા. ૧૪

મહારાષ્ટ્રના પૂર્વ મંત્રી અને દિગ્ગજ એનસીપી નેતા અજિત પવાર બાબા સિદ્દીકી હત્યા મામલે કાયદા અને વ્યવસ્થા પર સવાલ ઉઠાવી રહ્યા છે. આ સાથે જ રાજ્ય સરકાર આરોપીઓને કડક સજા આપવાની વાત કરી રહી છે. ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળના શિવસેનાના નેતા સંજય રાઉતે કેન્દ્ર સરકાર પર પ્રહારો કર્યા હતા.

સંજય રાઉતે કહ્યું કે, 'મેં પહેલા પણ કહ્યું હતું કે આ સરકાર પછી મુંબઈમાં ગેંગ વોર અને અંડરવર્લ્ડની તાકાત વધી શકે છે. આ સરકારને અંડરવર્લ્ડનું પણ સમર્થન છે. ગુજરાતમાંથી અંડરવર્લ્ડ ચલાવવામાં આવી રહ્યું છે. સંજય રાઉતે વધુમાં કહ્યું કે, 'ગુજરાતની સાબરમતી જેલમાં બંધ એક ગેંગસ્ટર બાબા સિદ્દિકીની હત્યાની જવાબદારી લે છે. સિદ્દીકી કોઈ સામાન્ય નેતા નથી. પોલીસ રક્ષણ હેઠળ આવી વ્યક્તિની હત્યા કરવામાં આવી હતી. કોણ લઈ રહ્યું છે એની જવાબદારી, એટીએસ ગુજરાતની કસ્ટડીમાં ગેંગસ્ટર. આ કેટલું ગંભીર છે? કેન્દ્રીય ગૃહમંત્રી કે જેઓ ગુજરાતના છે તેમના માટે પડકાર છે. અજિત પવારે અમિત શાહના રાજીનામાની માંગ કરવી જોઈએ. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેએ 'બાબા સિદ્દિકીની હત્યાની ઘટના દુર્ભાગ્યપૂર્ણ અને દુઃખદ છે. મુંબઈ પોલીસે બે લોકોની ધરપકડ કરી છે.

# આયુષ્માન યોજનામાં વૃદ્ધો માટે આરોગ્ય પેકેજમાં વધારો થશે

## આયુષ્યમાન યોજના હેઠળ 30000 હોસ્પિટલોનો સમાવેશ કરાયો : ૭.૩૭ કરોડ લોકોએ આ યોજના હેઠળ સારવાર કરાવી

નવી દિલ્હી : આયુષ્માન ભારત પ્રધાન મંત્રી-જન આરોગ્ય યોજનામાં ૭૦ વર્ષ અને તેથી વધુ વયનાં તમામ વૃદ્ધોને મફત આરોગ્ય વીમા લાભો પ્રદાન કરવા સાથે, વધુ પેકેજો ઉમેરવા પર પણ ગંભીરતાથી વિચારણા કરવામાં આવી રહી છે.

આ યોજનામાં, હવે ૭૦ વર્ષથી વધુ ઉંમરનાં તમામ લોકોને ૫ લાખ રૂપિયા સુધીનાં મફત સ્વાસ્થ્ય વીમાનો લાભ મળશે અને હવે નેશનલ હેલ્થ ઓથોરિટી આ યોજનામાં પહેલાં કરતાં વધુ સ્વાસ્થ્ય પેકેજ સામેલ કરવા માટે વિચારણા કરી રહી છે. હેલ્થ બેનિફિટ પેકેજો પર નિર્ણય લેનારી સમિતિ પહેલાં કરતાં વધુ સ્વાસ્થ્ય પેકેજો ઉમેરવાની જરૂરિયાત જોઈ રહી છે, જે મુખ્યત્વે વૃદ્ધાવસ્થાની સંભાળ સાથે સંબંધિત છે. આ યોજનામાં દેશભરમાં લગભગ ૩૦ હજાર હોસ્પિટલોનો સમાવેશ કરવામાં આવ્યો છે.જેમાંથી ૧૩ હજાર ખાનગી અને ૧૭ હજાર



સરકારી હોસ્પિટલો છે. જો આ તમામ હોસ્પિટલમાં કોઈ દર્દી દાખલ થશે તો તેને ૫ લાખ રૂપિયા સુધીની મફત સારવારની સુવિધા મળશે.આયુષ્માન યોજના સામાન્ય દવા, સર્જરી, કેન્સર અને હૃદય રોગ જેવી ૨૭ તબીબી વિશેષતાઓમાં ૧૯૪૯ સારવાર પ્રક્રિયાઓને આવરી લે છે. સરકારે આયુષ્માન ભારત પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના હેઠળ કિડની ટ્રાન્સપ્લાન્ટનો સમાવેશ કર્યો છે. અલ્ઝાઈમર અને ડિમેન્શિયા જેવી અમુક માનસિક સ્વાસ્થ્ય સ્થિતિઓને લીધે હોસ્પિટલમાં દાખલ થવાને પણ વર્તમાન યોજના હેઠળ આવરી લેવામાં આવે છે.

હવે આ યોજનામાં પેકેજ રેટ ૬ વર્ષ પછી વધી શકે છે, આ માટે ડો.વી.કે પોલ કમિટિનો રિપોર્ટ સરકારને મળ્યો છે. આરોગ્ય મંત્રાલય આ યોજનામાં વધુને વધુ હોસ્પિટલો ઉમેરીને, પેકેજ સિસ્ટમમાં સુધારો કરીને અને હોસ્પિટલના બિલની વહેલી તકે ચુકવણી જેવાં મોટા સુધારાઓ લાગુ કરવાની તૈયારી કરી રહ્યું છે.

આ યોજનામાં વીમા કવરેજને પણ વધારવામાં આવશે. આ યોજના હેઠળ ૪૯ ટકા મહિલા લાભાર્થીઓ સહિત ૭.૩૭ કરોડ લાભાર્થીઓએ સારવાર કરાવી છે.

# 6G ટેક્નોલોજી રેસમાં જોડાતું ભારત : વૈશ્વિક પેટન્ટનો દાવો

નવી દિલ્હી,તા.૧૪

આધુનિક ટેલીકોમ્પ્યુનિકેશન ટેકનોલોજી ક્ષેત્રે ભારત હવે વિશ્વનાં મોખરાનાં દેશોમાં સ્થાન મેળવવા જઈ રહ્યું છે. દિલ્હીમાં ૧૯૦ દેશોનાં વર્લ્ડ ટેલીકોમ્યુનિકેશન સ્ટાન્ડર્ડરાઈઝેશન એસેમ્બલી યોજાશે અને હવે તેઓ નવા જનરેશનની વાયરલેસ ટેકનોલોજી મુખ્ય થીમ છે તે સમયે ભારતે હવે સિકસ-જી ટેકનોલોજી ક્ષેત્રે વિશ્વના અન્ય પાંચ દેશોની સામે પેટન્ટ માટે દાવેદારી કરી છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ થોડા સમય પૂર્વે જ ભારત હવે આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ અને સીકસ-જી ટેકનોલોજી ક્ષેત્રે વિશ્વમાં નેતૃત્વ કરવા જઈ રહ્યું છે અને સ્વદેશી સીકસ-જી ટેકનોલોજી વિકસાવાશે તેવી જાહેરાત કરી હતી.

વિશ્વમાં પણ ફાઈવ-જી બાદ વધુ ઝડપી અને વ્યાપક બની શકે તેવી સીકસ-જી ટેકનોલોજીની દૌટ શરૂ થઈ છે.તે સમયે ભારતે હવે આ ટેકનોલોજી વિકસીત કરવા પેટન્ટનો દાવો કર્યો છે. દિલ્હીમાં આવતીકાલથી આ વૈશ્વિક પરિષદ શરૂ થઈ રહી છે. જેમાં સીકસ-જી આર્ટીફીશ્યલ ઈન્ટેલીજન્સ અને બીગ ડેટા આ ત્રણ મહત્વપૂર્ણ ટેકનોલોજી અંગે ચર્ચા થશે.

# તા.૧૭થી મોહન ભાગવત બે દિવસ ગુજરાતમાં

### સુરત ખાતે તેઓ અનેકવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે

રાજકોટ, તા.૧૪

ગુજરાતમાં રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘે તેની વિસ્તરણની યોજનાને આગળ ધપાવી છે અને આજથી આરએસએસના સર કાર્યવાહ દત્તાત્રેય હોંશબોલે ત્રણ દિવસમાં જામનગરના પ્રવાસે છે અને તેઓ સૌરાષ્ટ્ર ઝોનની બેઠક લઈ રહ્યા છે. તે સમયે સંઘના સરસંઘચાલક મોહન ભાગવત તા.૧૮થી બે દિવસની ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. તેઓ તા.૧૭ના સાંજે સુરત પહોંચશે અને બે દિવસ રોકાશે.

તેઓ અહીં જૈન આચાર્ય મહારામાનુજજીને મળશે અને પર્યાવરણ અંગેના એક પરિસંવાદમાં પણ હાજરી આપશે આ ઉપરાંત સંઘની શ્રેણીબધ્ધ બેઠકો યોજાઈ રહી છે જેમાં તેઓ ભાગ લેશે.

# મહારાષ્ટ્રમાં ચૂંટણી ઈફેક્ટ સરકારે મુંબઈનાં ૫ ટોલ નાકા કાર માટે ફ્રી કર્યા

## દહિસર, આનંદનગર , વૈશાલીય, મુલુંડ, ઐરોલી ક્રીક બ્રિજ પરના ટોલ બુથ કાર માટે સંપૂર્ણ ફ્રી

મુંબઈ,તા.૧૪

વિધાનસભા ચૂંટણી પહેલાં મહારાષ્ટ્રનાં શિંદે કેબિનેટે મોટી જાહેરાત કરી છે. મહારાષ્ટ્ર સરકારે મુંબઈમાં પ્રવેશતાં તમામ પાંચ ટોલ બૂથ પર હળવા મોટર વાહનો માટે સંપૂર્ણ ટોલ માફીની જાહેરાત કરી છે. આ નિર્ણય આજે રાત્રે ૧૨ વાગ્યાથી અમલમાં આવશે.

આ જાહેરાત બાદ નાનાં વાહનોને પાંચેય ટોલ બૂથ પર કોઈ ટોલ ચૂકવવો પડશે નહીં. મુંબઈમાં એન્ટ્રી પોઈન્ટ પર દહિસર, આનંદ નગર ટોલ, વૈશાલીય, મુલુંડ, ઐરોલી ક્રીક



બ્રિજનો સમાવેશ થાય છે.મહારાષ્ટ્રનાં પ્રધાન દાદાજી દગડુ ભૂસે કહે છે, ''મુંબઈમાં પ્રવેશ સમયે, દહિસર ટોલ, આનંદ નગર ટોલ, વૈશાલી, ઐરોલી અને મુલુંડ સહિત ૫ ટોલ પ્લાઝા હતાં. આ ટોલ ૪૫ અને ૭૫ રૂપિયા વસૂલવામાં આવતાં હતાં, આ હવે ૨૦૨૬ સુધી લાગુ રહેશે.

વધુમાં તેમણે કહ્યું કે લગભગ ૩.૫ લાખ વાહનો જે ઉપર અને નીચે જતાં હતાં, તેમાંથી ૨.૮૦ લાખ હળવા વાહનોને ટોલમાંથી મુક્તિ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે ઘણાં મહિનાઓ બાદ આજે આ ક્રાંતિકારી નિર્ણય લેવામાં આવ્યો છે.

કેબિનેટનો આ નિર્ણય આવતાં મહિને યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં મતદારોને મહાયુતિની તરફેણમાં રીઝવવા માટેનાં અનેક લોકપ્રિય નિર્ણયો બાદ આવ્યો છે. આ પુલોની કિંમત વસૂલવા માટે, પ્રથમ મુંબઈનાં પ્રવેશદ્વારો પર ટોલ બૂથ બનાવવામાં આવ્યાં હતાં. બ્રિજનું બાંધકામ અંતિમ તબક્કામાં પહોંચતાની સાથે જ વર્ષ ૧૯૯૯ માં ટોલ બૂથ બનાવવા માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું.

# હજુ તો ગુજરાતમાં પાંચ દિવસ વરસાદની આગાહી

## જામનગરના જામજોધપુર, લાલપુર અને કાલાવડ પંથકમાં બીજા દિવસે પણ મેઘરાજાની ઘડબડાટી : શેઠ વડાળામાં ધોધમાર અઢી ઈંચ વરસાદ



હવામાન વિભાગે હાલમાં જ ગુજરાતમાંથી નૈઋત્યના ચોમાસાની સત્તાવાર વિદાયની જાહેરાત કરી હતી. પરંતુ અરબ સાગરમાં સર્જાયેલ વેલમાર્ક લો પ્રેશર સિસ્ટમને કારણે છેલ્લા બે-ત્રણ દિવસથી ગુજરાતના અનેક જિલ્લાઓમાં મેઘરાજાએ ફરી ધબધબાટી બોલાવી છે. આ દરમિયાન હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે વરસાદને લઈને વધુ એક આગાહી કરતાં કહ્યું કે, ગુજરાતમાં વિવિધ જિલ્લાઓમાં આગામી ૧૬થી ૨૨ ઑક્ટોબર સુધી છૂટોછવાયો વરસાદ રહેશે.

હાલમાં અરબ સાગરમાં સર્જાયેલ વેલમાર્ક લો પ્રેશર સિસ્ટમને કારણે ગુજરાતના વિવિધ વિસ્તારોમાં આગામી ૨૨ ઑક્ટોબર સુધી વરસાદી વાતાવરણ રહેવાની શક્યતા રહેલી છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલના જણાવ્યાનુસાર ગુજરાતમા વારંવાર હવામાનમાં પલટો આવવાની સંભાવના છે. ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં ગાજવીજ સાથે વરસાદ પડશે. આ ઉપરાંત અમદાવાદ અને ગાંધીનગર સહિતના વિસ્તારોમાં વાતાવરણમાં પલટો આવી શકે છે. તો અહીં દક્ષિણ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતની વાત કરીએ તો ત્યાં નોંધપાત્ર વરસાદ થવાની શક્યતા રહેલી છે.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે ગુજરાતના દાહોદ, છોટાઉદેપુર, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી, સુરેન્દ્રનગર, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા, જૂનાગઢ, અમરેલી, પોરબંદર, રાજકોટ, બોટાદ તેમજ કચ્છમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.

બનાસકાંઠા, અમદાવાદ, પાટણ, મહેસાણા, ભાવનગર, ગીર સોમનાથ, ડાંગ, નવસારી અને દીવમાં હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. આગાહી પ્રમાણે આજે અમદાવાદ અને ગાંધીનગરમાં બપોર બાદ વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો અને વરસાદી માહોલ પણ જામ્યો છે. હવામાન વિભાગે અમદાવાદમાં હળવા વરસાદની શક્યતા દર્શાવી હતી, જે સાચી ઠરી છે. જામનગર શહેર અને જિલ્લામાં છેલ્લા બે દિવસથી રાત્રિના સમયે ગાજવીજ સાથે મેઘરાજાની ફરીથી એન્ટ્રી થઈ છે અને શનિવારે જામજોધપુરમાં બે ઈંચ વરસાદ પડી ગયા બાદ ગઈકાલે પણ મેઘાવી માહોલ જોવા મળ્યો હતો. જેમાં ખાસ કરીને શેઠવડાળા ગામમાં ગઈકાલે રવિવારે સાંજે ધોધમાર અઢી ઈંચ વરસાદ પડી ગયો હોવાના અહેવાલો પ્રાપ્ત થયા છે.

આ ઉપરાંત કાલાવડ તાલુકાના મોટા વડાળા ગામમાં ૪૨ નિકાવામાં ૪૦ મી.મી. વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત જામજોધપુરના વાંસજાળિયામાં ૨૮ મી.મી., અને સમાણામાં ૨૫ મી.મી. વરસાદ નોંધાયો છે. કાલાવડ તાલુકાના નવાગામમાં ૨૦ મિ.મી. વરસાદ નોંધાયો છે. જામજોધપુરના ધાફા ગામમાં ૨૫ મી.મી. વરસાદ નોધાયો છે. લાલપુરના પડાણા ગામમાં પણ ૨૪ મી.મી., મોટા ખડબામાં ૧૬ મી.મી. અને ભણગોરમાં ૧૮ મી.મી. વરસાદ નોંધાયો છે. જામનગર શહેરમાં ગઈકાલે રાત્રિના સમયે ભારે પવન સાથે વીજળીના ચમકારા જોવા મળ્યા હતા, ત્યારબાદ રાત્રિના બાર વાગ્યા આસપાસ ધીમીધારે ફરીથી વરસાદ શરૂ થયો હતો, અને શહેરમાં કોઈ સ્થળે નવરાત્રીના આયોજન ચાલુ રખાયા હતા, જે આયોજન કોને રાત્રિના સમયે ફરી દોડધામ થઈ હતી. જો કે મોડેથી વરસાદ રોકાઈ ગયો હતો.

## ભારે વરસાદને કારણે ખેડૂતોનો મગફળી સહિતના પાકના પાથરા વરસાદી પાણીમાં તણાયા

ગતરાતનું માવઠું યાત્રાધામ વીરપુર પંથકના ખેડૂતો માટે આફત બનીને આવ્યો હતો. પંથકના પીઠડીયા, કાગવડ સહિતના ગામોમાં એક કલાકમાં વાદળું ફાટ્યું હોય તેવો વરસાદ વરસતા ખેતરમાં તૈયાર મગફળીના પાથરા તેમજ સોયાબીન તણાઈ ગયા,ભારે પવનને કારણે કપાસ ભાંગી ગયો. ખેડૂતો પાસે હવે કઈ બચ્યું ન હોવાથી શિયાળું પાકનું વાવેતર પણ મુશ્કેલ બન્યું છે.જેથી સરકાર નુકશાનીનો તાત્કાલિક સર્વે કરી સહાય ચૂકવે તેવી ખેડૂતો માંગ કરી રહ્યા છે. વીરપુર પંથકમાં ગતરાતનું માવઠું આફત બનીને આવ્યું હતું. વાદળું ફાટ્યું હોય તેટલો વરસાદ એક કલાકમાં જ વરસતા પીઠડીયા અને કાગવડ ગામની સીમ વિસ્તારની અંદાજીત ૪૦૦ થી ૫૦૦ વિઘા જમીનનો મગફળી, કપાસ, સોયાબીન તૈયાર થઈ ગયેલ પાક વરસાદી પાણીમાં તણાઈ ગયો અને બચ્યો તે ભારે પવનમાં ભાંગી ગયો હતો.

# નોટરીનાં સોગંદનામાના આધારે લગ્ન કે છુટાછેડા અમાન્યઃ સરકારનો નવો પરિપત્ર



## નોટરી લગ્ન કે છુટાછેડાના એફીડેવીટ ન કરી શકેઃ આવા સોગંદનામા કરનારા સામે કાર્યવાહીની ચીમકી

અમદાવાદ તા.૧૪

નોટરી મારફત સોગંદનામા કરારનાં આધારે થયેલા લગ્ન કે છુટાછેડા માન્ય નહી ગણાય અને તે ગેરકાયદે રહેશે તેવો પરિપત્ર સરકાર દ્વારા ઈસ્યુ કરવામાં આવ્યા છે.

કેન્દ્ર સરકારનાં કાયદા વિભાગનાં પરિપત્રમાં એમ કહેવામાં આવ્યું છે કે સોગંદનામામાં કરારના આધારે લગ્ન કે છુટાછેડા કરાવવા નોટરીને કોઈ અધિકાર નથી.

રાજયમાં નોટરી મારફતનાં કરાર થકી છુટાછેડા લઈ લેતા હોવાનું વ્યાપક ચલણ છે. પરિપત્રમાં એવી પણ ચીમકી આપવામાં આવી છે કે આ પ્રકારના કરાર કરનારા નોટરી સામે પણ પગલા-કાર્યવાહી કરવામાં આવશે.

કાયદા મંત્રાલયનાં નાયબ સચીવ રાજીવકુમારની સહીથી ઈસ્યુ થયેલા પરિપત્રમાં એમ જણાવવામાં આવ્યું છે કે નોટરી કાયદાની કલમ ૮ તથા નોટરી કાયદા ૧૯૫૬ ના નિયમ ૧૧ ના પેટા નિયમ ૮ માં લગ્ન કે છુટાછેડા કરાવવાનું નોટરીનાં અધિકાર ક્ષેત્ર કે કાર્યવાહીમાં આવતુ ન હોવાનું સ્પષ્ટ સુચવાયું છે.

આ કાયદાકીય નિયમો અંતર્ગત નોટરી લગ્ન કે છુટાછેડાનાં સોગંદનામામાં નોટરાઈઝડ કરી શકતા નથી. નોટરી કાયદા ૧૯૫૨ કે નોટરી નિયમ ૧૯૫૬ હેઠળ નોટરી લગ્ન કે છુટાછેડાને પ્રમાણીત કરવાનાં અધિકારો ધરાવતા નથી. તેઓને લગ્ન અધિકારી તરીકેની નિયુકિત નથી.

ગુજરાત સહીત દેશભરમાં પરસ્પરની સહમતીથી નોટરી પાસે સોગંદનામું કરીને લગ્ન કે છુટાછેડા કરાવી લેતા હોય છે. સંબંધીત સતામંડળ સમક્ષ કાયદાકીય રીતે જરૂરી કાર્યવાહી પણ કરવામાં આવતી નથી અનેક કિસ્સાઓમાં વિવાદ વખતે સોગંદનામા અમાન્ય રહે છે અને તેને કારણે ભરણપોષણ સંતાનોની કસ્ટડી જેવા મુદાઓ પર અદાલતી કેસ થયા છે. અદાલતમાં પણ એફીડેવીટ આધારીત છુટાછેડાને માન્ય ગણવામાં આવતા નથી.

# TRP અગ્નિકાંડમાં મને ફસાવાયો; દોષનો ટોપલો કમિશ્નર પર ઢોળતા સાગઠીયા

## અદાલત સમક્ષ જામીન અરજીમાં પૂર્વ ટીપીઓની સનસનીખેજ દલીલઃ મને ડીમોલીશનના અધિકાર ન હતા, કમિશ્નર પાસે જ સતા છતાં તેમને આરોપી ન બનાવાયા

રાજકોટ, તા.૧૪

'આ અમારામાં ન આવે' જવાબદારીમાંથી ફેંકાફેંકી કરતા અધિકારીઓનો આ મૂળ મંત્ર છે. ત્યારે અગ્નિકાંડમાં જામીન અરજી વખતે પણ કોર્ટમાં અધિકારીઓની જવાબદારીમાંથી ફેંકાફેંકી કરવાની નીતિ જોવા મળી. અગ્નિકાંડ કેસ અને એસીબીએ કરેલા કેસમાં રાજકોટ મહાનગર પાલિકાના સસ્પેન્ડેડ ટીપીઓ મનસુખ ધનજી સાગઠિયાએ જામીન અરજી કરી છે.આ જામીન અરજીની સુનાવણીમાં સાગઠિયાએ પોતાનો બચાવ રજૂ કરતા દલીલ કરેલી કે, ટીઆરપી ગેમઝોનનું ડીમોલિશન મ્યુ. કમિશનરે ન કર્યું. મારી પાસે ડીમોલિશનના પાવર્સ નહોતા, કમિશનર પાસે ડીમોલિશનની સત્તા છે. છતાં તેને આરોપી નથી બનાવાયા. અગ્નિકાંડના આ કેસમાં મને ખોટી રીતે ફસાવી દેવાયો છે.

ઉલ્લેખનીય છે કે, હાઈકોર્ટ આઈએએસ અને આઈપીએસ આધિકારીઓની જવાબદારી ફિક્સ કરવા અવલોકન કરી રહી છે, ત્યારે જ સાગઠિયાએ કરેલ બચાવ ફરી ચર્ચામાં રહેશે. કોર્ટમાં રેકર્ડ પર સસ્પેન્ડેડ ટીપીઓની આવી દલીલથી આઈએએસ આલમ સ્તબ્ધ છે.

આ તરફ પૂરે પુરી તૈયારી સાથે કોર્ટ સમક્ષ સરકાર તરફે હાજર થયેલા સ્પે.પીપી તુષાર ગોકાણીએ વર્ષ ૨૦૦૮થી લઈ ૨૦૨૪ સુધીના સાગઠિયાએ કરેલા ડીમોલિશનના હુકમોનો રેકર્ડ રજૂ કરી દલીલ કરી કે, સાગઠિયાની જવાબદારી ફિક્સ છે. તેણે અગાઉ પણ આવી સ્થિતિમાં પોતાના સત્તા સ્થાનેથી આવા હુકમો કર્યા છે. તેના પરથી સ્પષ્ટ થાય છે કે, ગેરકાયદે બાંધકામ ટીપીઓ કરી શકે છે.

જવાબદારીની ફેંકાફેંકી કરી સાગઠિયા બીજા પર જવાબદારી ઢોળી દઈ જામીન મેળવવા માંગે છે. એસીબીએ તેના પર કેસ કર્યો છે, જેમાં ૨૩ કરોડની અપ્રમાણસર મિલકત થાય છે. આ આર્થિક લાભો આવા કિસ્સામાં સાગઠિયાએ મેળવી અપ્રમાણસર મિલકત ઉભી કરી છે.

વર્ષ ૨૦૦૮થી અનેક નોટિસો સાગઠિયાએ ફટકારી છે.

શું આ બધી નોટિસો ખોટી છે?આ આરોપી સાગઠિયાએ પોતાનું ગુનાહિત કૃત્ય છુપાવવા અગ્નિકાંડના દિવસે રાતે એક વાગ્યે પોતાની ઓફિસે પહોંચી જુના રજિસ્ટરનો નાશ કરી નવા રજીસ્ટર બનાવેલ છે. પોતાનું કૃત્ય છુપાવવા આવી ગુનાહિત પ્રવૃત્તિ તેણે કરી છે. ખોટી મિનિટ્સ નોટ સાથે કોર્ટમાં હાજર રહી પોતાનો બચાવ કર્યો છે.

# ડીસામાં આંગડીયા પેઢીના કર્મીને રિવોલ્વર દેખાડી ૮૦ લાખની લૂંટ

## કર્મચારી એકટીવા પર જતો હતો ત્યારે તેને રસ્તામાં આંતરી બે શખ્સો લુંટ ચલાવી ફરાર



ડીસા, તા. ૧૪

ડીસામાં લાલ ચાલી ત્રણ રસ્તા પાસે રિવોલ્વરના નાળચે આંગડિયા પેઢીના હવાલાના રૂ.૮૦ લાખની લૂંટ કરવામાં આવી છે. આ અંગેની વિગત એવી છે કે, ડીસા શહેરમાં જૂની કોર્ટની સામે રાજ ઝેરોક્ષની પાછળ આવેલા કોમ્પ્લેક્સમાં આવેલી એમ.એચ આંગડિયા પેઢી ધરાવતા ટીનાભાઇ રાજપૂતના ડીસાના સ્મશાન ગૃહ નજીક આવેલા ઘરેથી તેમના ઓફિસના સ્ટાફનો માણસ નિકુલ પંચાલ રૂપિયા ૮૦ લાખ ઉપરાંતની રકમ લઈને ઓફિસ જવા નીકળ્યો હતો.

ત્યારે વાડી રોડ થઈ લાલ ચાલી વિસ્તારમાંથી નીકળતા બે અજાણ્યા શખ્સોએ તેને આંતરી બંદૂક બતાવી એક્ટિવામાં આગળ રાખેલો પૈસા ભરેલો થેલો લઈને ફરાર થઈ ગયા હતા.

આ અંગે તાત્કાલિક પોલીસને જાણ કરતા ડીસા શહેર ઉત્તર તેમજ દક્ષિણ પોલીસની ટીમો પણ દોડી આવી હતી. બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા અક્ષરાજ મકવાણા ડીસા દોડી આવ્યા હતા.

એલસીબી, એસઓજી સહિતની ટીમો પણ તપાસ કાર્યમાં જોડાઈ હતી. પોલીસ દ્વારા પ્રાથમિક તપાસમાં આંગડિયા પેઢીના સ્ટાફના માણસ નિકુલ પંચાલ તેમજ હરદીપ ઠાકોરની પણ ઉલટ પુછપરછ હાથ ધરી છે.

# મુખ્ય માર્ગોના પેચવર્કમાં મેઘરાજા બન્યા વિલન, ૪૫ ટકા કામ પૂર્ણ

## જેતપુર, ધોરાજી, ગોંડલ, ઉપલેટા અને જસદણ વિસ્તારમાં કામગીરી ધીમી, હવે વેગવંતી કરાશેઃ માધાપર પાસેના સર્વિસ રોડના પેચવર્કની કામગીરી પૂર્ણ



રાજકોટઃ ઓણ સાલ ચોમાસાને કારણે રાજકોટ શહેર-જિલ્લાને જોડતા તમામ મુખ્ય માર્ગોમાં ઠેર-ઠેર ગાબડાં પડી જતા વાહનચાલકોમાં ભારે દેકારો બોલી ગયો હતો અને તેના રિપેરિંગ માટે રાજકોટ જિલ્લા કલેક્ટર દ્વારા રાજ્ય સરકાર પાસે અંદાજે રૂ.૧૨ કરોડની ગ્રાન્ટ પણ માગવામાં આવી છે જે બાબતનો નિર્ણય હજુ સુધી લેવાયો નથી ત્યાં રાજકોટ જિલ્લા માર્ગ અને મકાન વિભાગ દ્વારા જિલ્લાના ૪૫ ટકા જેટલા માર્ગોના પેચવર્કનું કામ પૂર્ણ કરી લેવામાં આવ્યું છે અને બાકીનું કામ આગામી સપ્તાહે પૂર્ણ કરી લેવાનો લક્ષ્યાંક આર એન્ડ બી વિભાગે રાખ્યો છે. દરમિયાનમાં રાજકોટ જિલ્લામાં મેઘરાજાની પધરામણી થતા બે દિવસથી પેચવર્કની કામગીરી અટકી પડી છે.

માર્ગ અને મકાન વિભાગ રાજકોટ રૂરલના સૂત્રોએ માહિતી આપતા જણાવ્યું હતું કે, જિલ્લાના મુખ્ય માર્ગો પર અનેક સ્થળોએ ચોમાસામાં મોટા ખાડા પડી ગયાની ફરિયાદો ઊઠી હતી જેને ધ્યાનમાં લઇ ચોમાસાની સત્તાવાર વિદાય બાદ જિલ્લાના મુખ્ય માર્ગો પર પેચવર્કની કામગીરી શરૂ કરાઇ હતી, પરંતુ છેલ્લા બે દિવસથી ફરી માવઠા શરૂ થતા પેચવર્કની કામગીરી અટકી ગઇ છે. હાલમાં જિલ્લામાં ૪૫થી ૪૭ ટકા જેટલી કામગીરી પૂર્ણ થઇ ગઇ છે. આગામી એક સપ્તાહમાં આ કામગીરી ૧૦૦ ટકા પૂર્ણ કરી લેવાનો લક્ષ્યાંક છે.

જિલ્લાના લોધિકા, પડધરી અને રાજકોટ તાલુકામાં પેચવર્કની કામગીરી ખૂબ જ ઝડપથી હાથ ધરાઇ છે અને અત્યાર સુધીમાં ૭૮ ટકા જેટલી કામગીરી પૂર્ણ કરી લેવામાં આવી છે. જ્યારે જેતપુર, ધોરાજી, ગોંડલ, ઉપલેટા, જસદણ સબ ડિવિઝન હેઠળના વિસ્તારમાં આ કામગીરી ધીમી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

માધાપર પાસેના એપ્રોચ રોડ અને સર્વિસ રોડ પર પેચવર્કની ફરિયાદો ઉઠતા માર્ગ અને મકાન વિભાગે તે યુદ્ધના ધોરણે પૂર્ણ કરાવી લીધી હતી. તેમજ સર્વિસ રોડ પર ડામરની જરૂર હતી ત્યાં ડામર રોડની કામગીરી કરાયાનું સૂત્રોએ જણાવ્યું છે.જકોટ શહેર-જિલ્લાને જોડતા તમામ મુખ્ય માર્ગોમાં ઠેર-ઠેર ગાબડાં પડી જતા વાહનચાલકોમાં ભારે દેકારો બોલી ગયો હતો અને તેના રિપેરિંગ માટે રાજકોટ જિલ્લા કલેક્ટર દ્વારા રાજ્ય સરકાર પાસે અંદાજે રૂ.૧૨ કરોડની ગ્રાન્ટ પણ માગવામાં આવી છે જે બાબતનો નિર્ણય હજુ સુધી લેવાયો નથી ત્યાં રાજકોટ જિલ્લા માર્ગ અને મકાન વિભાગ દ્વારા જિલ્લાના ૪૫ ટકા જેટલા માર્ગોના પેચવર્કનું કામ પૂર્ણ કરી લેવામાં આવ્યું છે અને બાકીનું કામ આગામી સપ્તાહે પૂર્ણ કરી લેવાનો લક્ષ્યાંક આર એન્ડ બી વિભાગે રાખ્યો છે. દરમિયાનમાં રાજકોટ જિલ્લામાં મેઘરાજાની પધરામણી થતા બે દિવસથી પેચવર્કની કામગીરી અટકી પડી છે.

### નેપાળી પરિવારે એકની એક પુત્રી ગુમાવતા કલ્પાંત સર્જાયો

# બે વર્ષની બાળકી ૩ ફૂટ ઊંડા કુવારાના પાણીમાં ડૂબી જતાં મોત નીપજ્યું

**નેપાળી પરીવાર સોસાયટીના બેઝમેન્ટમાં સફાઇ કરતાં હતાં ત્યારે બાળકી કુવારા પાસે પહોંચ્યા બાદ ત્રણ ફૂટના ખાડામાં ખાબકી**




રાજકોટ,તા.૧૫

રાજકોટ શહેરના કાલાવડ રોડ પર હાઇ-વે પર અવધ રોડ પર નિર્વાણા ટાવર સોસાયટીમાં વધુ એક કરૂણ બનાવ સામે આવ્યો છે. સિક્યુરિટીનું કામ કરતાં નેપાળી પરિવારની બે વર્ષની માસૂમ બાળકી પ્રિયાંસી કુવારાના ત્રણ ફૂટ ઊંડા પાણી ભરેલ ખાડામાં ડૂબી જતાં તેનું મોત નિપજતાં અરેરાટી વ્યાપી જવા પામી હતી બનાવની જાણ થતાં યુનિવર્સિટી પોલીસ સ્ટાફે પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. રાજકોટ શહેરમાં કાલાવડ હાઇ-વે પર આવેલ અવધ રોડ પર નિર્વાણા ટાવર સોસાયટીમાં રહેતાં શેરસિંહ સોસાયટીમાં સિક્યુરિટીનું કામ કરે છે. જ્યારે તેના પત્ની ત્યાં જ સોસાયટીમાં ઘરકામ કરે છે. તેમને સંતાનમાં એક-બે વર્ષની પુત્રી પ્રીયાંસી હતી. ગઇકાલે સાંજના સમયે પતિ-પત્ની સાથે બેઝમેન્ટ પાર્કિંગમાં સફાઇકામ માટે પુત્રીને રૂમ પાસે મૂકીને ગયાં હતાં. આ દરમિયાન પુત્રી રમતાં રમતાં સોસાયટીમાં આવેલ પાણીના કુવારા પાસે પહોંચી હતી અને બાદમાં તે કુવારાના ત્રણ ફૂટ ઊંડા ખાડામાં રમતાં-રમતાં પડી જવા પામી હતી. પાણી ભરેલા ખાડામાં પટકાયા બાદ બાળકી પાણીમાં ગરકાવ થતાં બેભાન થઈ ગઈ હતી.

કામ પૂરુ કરી રૂમ પર આવેલ નેપાળી દંપતીએ પોતાની પુત્રીને ન જોતા તેની શોધખોળ હાથ ધરી હતી અને કુવારાના ખાડામાંથી બેભાન હાલતમાં મળતાં તેને સારવાર અર્થે જનાના હોસ્પિટલમાં ખસેડાઇ હતી પરંતુ, સારવાર મળે તે પહેલાં જ બાળકીએ દમ તોડી દીધો હતો. બનાવ અંગે જાણ થતાં યુનિવર્સિટી પોલીસ સ્ટાફ આવી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડયો હતો. એકની એક પુત્રીના મોતથી નેપાળી પરીવારમાં શોકનો માહોલ છવાયો હતો.

# સોની બજારમાંથી લાખો રૂપિયાની ચાંદી ઉઠાવી નાસી ગયેલા ફરાર પિતા-પુત્ર આખરે ઝડપાયા





રાજકોટ, તા.૧૫

રાજકોટ શહેરમાં એક વર્ષ પહેલા સોની વેપારીની લાખો રુપિયાની ચાંદી તથા છેતરપીંડીના ગુનામાં એક વર્ષથી નાસતો ફરતો રાજસ્થાની પિતા-પુત્રને પેરોલ ફર્લો સ્કવોડે ઝડપી લઇ બી-ડીવીઝન પોલીસને હવાલે કર્યા છે.

પેરોલ ફર્લો સ્કવોર્ડના પીઆઇ સી.એચ. જાદવના માર્ગદર્શન હેઠળ પોલીસ જે.જી. તેરૈયા સહિતના સ્ટાફે એક વર્ષ પહેલાના છેતરપીંડીના ગુનામાં નાસતા ફરતા મનોહર સત્યનારાયણ સોની અને તેના પિતા સત્યનારાયણ રામેશ્વરલાલ સોની રહે. પટેલનગર રીકો ઇન્ડસ્ટ્રીઝ પાછળ ભોપાલ ગઢ, જી. ભીલવાડા-રાજસ્થાનને ઝડપી લીધા હતા.

ઝડપાયેલા પિતા-પુત્ર એક વર્ષ પહેલા રાજકોટ સોની બજારમાંથી એક વેપારીની લાખો રુપિયાની ચાંદી ઉઠાવી નાસી ગયા હતા. આ અંગેની ફરિયાદ જે તે સમયે બી-ડીવીઝન પોલીસ મથકમાં નોંધાઇ હતી બંને આરોપીઓને બી-ડીવીઝન પોલીસને હવાલે કર્યા છે.

# સૌરાષ્ટ્રમાં પડી રહેલા પાછોતરા વરસાદની વચ્ચે રાજકોટ યાર્ડમાં જણસીની આવક વધી



રાજકોટઃ બેડી માર્કેટીંગ યાર્ડમાં ખરીફ પાકોની આવક શરૂ થઇ છે. આજે યાર્ડમાં મગફળીની ૩૫૦૦૦ ગુણી અને કપાસની ૧૦૦૦૦ જેટલી ભારીની આવક થઇ હતી. તમામ આવકને નવા બનાવવામાં આવેલા પતરાના શેડ નીચે ઉતારવામાં આવી હતી.

રાજકોટ માર્કેટ યાર્ડ હાલ સૌરાષ્ટ્રનું અગ્રમી હરોળનું યાર્ડ બની ગયુ છે. મોટા ભાગના ખેડુતો યાર્ડમાં પોતાની જણસી વેંચવા આવી રહ્યા છે. તેમજ ખુલ્લા બજારમાં સારા ભાવ મળતા ખેડુતોનો ઝુકાવ રાજકોટ યાર્ડ તરફ વધ્યો છે. માર્કેટ યાર્ડમાં આજે કપાસનો રૂ.૧૬૬૦ સુધીમાં હરરાજી થઇ હતી. જયારે મગફળીનો રૂ.૧૨૧૦ સુધીમાં સોદા થયા હતા. યાર્ડમાં આજે મગફળીની ૩૫૦૦૦ ગુણી અને કપાસની ૧૦૦૦૦ ભારી આવક થઇ હતી. રાજકોટ સહીત સૌરાષ્ટ્રભરમાં પાછોતરો વરસાદ પડી રહ્યો છે. ખેડૂતોના મોઢે આવેલો કોળીયો જુટવાઇ રહ્યો હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું હોય જે ખેડૂતોએ કટીંગ કરી લીધું છે તેઓ પોતાની જણસી વહેલી તકે યાર્ડમાં લઇ આવી રહ્યા છે. વરસાદની વચ્ચે યાર્ડમાં આવક પણી વધી છે. વરસાદી માહોલમાં ખેડુતોની જણસી સચવાઇ રહે તે માટે યાર્ડમાં તાજેતરમાં જ નવા શેડું નિર્માણ કરવામાં આવ્યું છે. હાલ યાર્ડમાં આવતી તમામ જણસીની ઉતરાઇશેડ નીચે જ કરાવવામાં આવી રહી છે. યાર્ડ દ્વારા વધારવામાં આવેલી સુવિધાથી ખેડૂતો પણ આનંદ અનુભવી રહ્યા છે.

નવરાત્રીનો તહેવાર પૂર્ણ થયો છે અને દિવાળીનો તહેવાર શરૂ થશે ત્યારે દિવાળી બાદ યાર્ડમાં નવી જણસીની આવકમાં વધારો થશે અને ભાવમાં પણ તેજી આવવાની આશા વેપારીઓ અને ખેડૂતો રાખી રહ્યા છે. દિવાળી બાદ રાજય સરકાર પણ ટેકાના ભાવે ખરીફ પાકોની ખરીદી કરશે અને તેના માટે હાલ રજીસ્ટ્રેશનની પ્રક્રીયા ચાલી રહી છે. માવઠાના લીધે પાકને નુકશાન થયું છે જેથી આ સિઝનમાં ગુણવતાયુકત જણસીના ભાવ આભને આંબશે તેવું વેપારીઓમાં ચર્ચાઇ રહ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે સાતમ બાદ મગફળી સતત યાર્ડમાં ઠલવાઇ રહી છે. નવરાત્રી દરમ્યાન આવકમાં વધારો થતા છેલ્લા બે ત્રણ દિવસથી મગફળીની આવક બંધ કરી દેવામાં આવી હતી. આજે ફરીથી આવક શરૂ કરાતાની સાથે જ ૩૫૦૦૦ ગુણી ઠલવાઇ હતી. આ વર્ષ સૌરાષ્ટ્રમાં પણ મગફળીનું વાવેતર પુષ્કળ પ્રમાણમાં થયું છે.

## અજાણ્યા વાહને વીમા એજન્ટ શખ્સને ઈ-બાઈક સાથે હડફેટે લેતા કમકમાટીભર્યું મોત



રાજકોટ, તા.૧૫

રવિવારે કાગદડી પાસે હિટ એન્ડ રનનો બનાવ બન્યો હતો. જેમાં અજાણ્યા વાહને વીમા એજન્ટ ભાવેશભાઈ ધનજીભાઈ રામાણી (ઉ.વ.૩૨ રહે. હાલ રેલનગર, મુળ કોઠારીયા ગામ સરસ્વતી સ્કુલ પાછળ રાજકોટ)ને ઈ-બાઈક સાથે હડફેટે લેતા કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. બનાવોના પગલે કુવાડવા રોડ પોલીસ સ્ટેશનનું સ્ટાફ તોડી ગયો હતો.

ગત રોજ વહેલી સવારે અકસ્માત થયો હતો, મૃતદેહ રોડ વચ્ચે પડ્યો રહેતા સંભવત અન્ય વાહનો પણ ફરી વળતા શરીરના અનેક ટુકડા થઈ ગયા હતા. પોલીસે મૃતદેહના ટુકડા એકત્ર કરી પીએમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા આ તરફ અજાણ્યા વાહન ચાલક સામે ગુનો દાખલ થયો છે.

ફરિયાદી ભરતભાઈ ધનજીભાઈ રામાણી (ઉ.વ.૪૨, રહે. બાપા સિતારામ ચોક પાસે ગુંજન ટાઉનશીપ મવડી, મુળ રહે, કોઠારીયા ગામ સરસ્વતી સ્કુલ પાછળ તા. જી.રાજકોટ)એ અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધાવતા જણાવ્યું કે, હું જી.એસ.ટી. ઈન્કમ ટેક્સ ક્ષેત્રમાં વકીલાત કરું છું. અમે બે ભાઈઓ તથા એક બહેન છીએ. સૌથી મોટો હું છું મારાથી નાના બહેન હર્ષાબેન છે. અને સૌથી નાના મારા ભાઈ ભાવેશભાઈ (ઉ.વ.૩૮) હતા. જેઓ વીમા એજન્ટ તરીકે કામ કરતા હતા. તેમના પરીવાર સાથે રેલનગર રાજકોટ ખાતે રહેતા હતા.

વધુમાં તેઓએ જણાવેલ કે, ગત રોજ તા.૧૩/૧૦/૨૪ ના રોજ હું મારા ઘરે હતો ત્યારે સવારના સાડા છએક વાગ્યાની આસપાસ મને અજાણ્યા મોબાઈલ નંબર પરથી મને ફોન આવેલ અને જણાવેલ કે, રાજકોટ-મોરબી હાઈવે ઉપર કાગદળી ગામના પાટીયા પાસે રોડ ઉપર કોઈ અજાણ્યા વાહનના ચાલકે અકસ્માતમાં તમારા ભાઈને હડફેટે લેતા અકસ્માત થયેલ છે.

### રંગીલા રાજકોટમાં વધુ એક હત્યા...

## રેલ્વે સ્ટેશન પાસે ફૂટપાથની પાળી પર બેસવા મામલે યુવાનને મિત્રએ છરીના ઘા ઝીંકી રહેંસી નાંખ્યો



રાજકોટ. તા.૧૫

રંગીલું રાજકોટ વધું એક વાર લોહિયાળ બન્યું છે. રેલ્વે સ્ટેશન પાસે ફૂટપાથની પાળી પર બેસવા મામલે યુવાનને મિત્રએજ છરીના આડેધડ ઘા ઝીંકી રહેંસી નાંખી હત્યા નિપજાવતા ખળભળાટ મચી ગયો હતો. પ્ર. નગર પોલીસે ફરિયાદી બની આરોપીને ગણતરીની કલાકોમાં દબોચી કાર્યવાહી કરી હતી. બનાવ અંગે રાજકોટના પ્ર. નગર પોલીસ મથકના કોન્સ્ટેબલ કનુભાઈ ઘેડે નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે પ્રવિણ રમેશ વાઘેલા નામના શખ્સનું નામ આપતાં પ્ર. નગર પોલીસે હત્યાની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યા અનુસાર, તેઓ છેલ્લાં બે વર્ષથી પ્ર. નગર પોલીસ મથકમાં ફરજ બજાવે છે અને હાલ તે જંક્શન ચોકીમાં રાઈટર તરીકે કામ કરે છે. ગઈકાલે તેઓ જંક્શન ચોકીમાં ફરજ પર હતાં ત્યારે એક વાગ્યાની આસપાસ કોઈ રાહદારીએ તેમને જાણ કરેલ કે, રાજકોટ રેલ્વે સ્ટેશન સામે આશાપુરા હોટલ સામે ફુટપાથ ઉપર બે વ્યક્તિઓ એ ઝઘડો કરેલ છે અને એક વ્યક્તિ લોહી લુહાણ ઈજાગ્રસ્ત હાલતમાં પડેલ છે. જેથી તેઓ તાત્કાલીક ત્યાં દોડી જઈ ઈજાગ્રસ્ત વ્યક્તિને ૧૦૮ મારફતે સિવિલ હોસ્પીટલના સારવારમાં ખસેડેલ હતો.બાદમાં તેઓએ બનાવ વાળી જગ્યાની સામે આવેલ આશાપુરા હોટલ પર કામ કરતા વિરેન્દ્રસિંહ જાડેજાને બનાવ બાબતે પુછતાં તેમને જણાવેલ કે, કરણભાઈ અને પ્રવિણભાઈ વચ્ચે અમારી હોટલની સામે ઝઘડો થયેલ હતો અને કરણભાઇને પ્રવીણે છરીના તિક્ષ્ણ ઘા મારી દિધેલ છે.

બાદમાં આરોપી પ્રવીણ રેલવે સ્ટેશનના કમ્પાઉન્ડની અંદર દોડીને ભાગી ગયેલ હતો. બાદમાં આરોપી પ્રવીણ બનાવ સ્થળથી આગળ આવેલ જયહિંદ હોટલમાં કામ કરતો હોય જેથી તેઓ તાત્કાલિક જયહિંદ હોટલમાં ગયેલ અને હોટલના માલીક યુનુસભાઈએ જણાવેલ કે, પ્રવિણ વાઘેલા અહીં કામ કરે છે અને મારા મકાનમાં રહે છે અને તેમણે આરોપીના મોબાઈલ નંબર આપેલ હતા.

# બી.એ.પી.એસ.ના વડા પ.પૂ. મહંતસ્વામી મહારાજની ગોંડલ અક્ષર મંદિર ખાતે પધરામણી

## ગોંડલના અક્ષર મંદિર ખાતે ૨૨ દિવસ સુધી મહંતસ્વામી મહારાજનો સત્સંગલાભ પ્રાપ્ત થશે

ગોંડલ,તા.૧૫

તા.૧૩/૯ રવિવારે સવારે ૧૧:૪૫ વાગ્યે, બોચાસણવાસી શ્રીઅક્ષર પુરુષોત્તમ સ્વામીનારાયણ સંસ્થાના સુત્રધાર પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજનું સોરઠના પ્રવેશદ્વાર સમા ગોંડલમાં પાવનકારી આગમન થયું છે. આ પ્રસંગે હજારો હરિભક્તોએ મહંત સ્વામીને આનંદ ઉલ્લાસભેર વધાવ્યા હતાં. પ. પૂ. મહંતસ્વામી શ્રી અક્ષરદેરી તેમજ અક્ષર મંદિરે ઠાકોરજીના ભાવપૂર્વક દર્શન કરી યોગીસભામંડપમ્ ખાતે આયોજીત સ્વાગત સભામાં પધાર્યા હતા. જ્યાં તેઓનું સ્વાગત અક્ષરમંદિરના કોઠારી સંત પૂ. દિવ્યપુરુષ સ્વામી, પૂ. આરુણી ભગત તેમજ વડીલ સંતોએ કલાત્મક હાર દ્વારા મહંતસ્વામી મહારાજનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત મહંતસ્વામીના આગમન પ્રસંગે અનેક હરિભક્તોએ વ્રત-ઉપવાસ કર્યા હતા.





આ તમામ ઉપવાસી ભક્તો પર મહંતસ્વામી મહારાજે અંતરના આશિષ પાઠવ્યા હતા. આ તકે મહંતસ્વામીએ ઉપસ્થિત સૌ હરિભક્તોને ભાવપૂર્વક "જય સ્વામિનારાયણ" કહ્યા હતાં. તા.૧૬/૧૦ ના રોજ શરદપુનમે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનો ૨૪૦મો જન્મોત્સવ, સાંજે ૭ થી ૧૦ વાગ્યા દરમ્યાન અતિ ભવ્યતાથી ઉજવાશે. તા.૨૩ અને તા.૨૫ના રોજ સવારે ૯ વાગ્યે દીક્ષા મહોત્સવ યોજાશે. જેમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના હસ્તે, બુધવારે પાર્ષદી દીક્ષા અને શુક્રવારે ભાગવતી દીક્ષા નવયુવાનો ગ્રહણ કરશે. તા.૨૯/૧૦/૨૦૨૪ મંગળવાર, ધનતેરશના શુભ દિવસે વિશ્વશાંતિ મહાયાગ, બ્રાહ્મ મુહૂર્તમાં વહેલી સવારે ૪ થી ૮ વાગ્યા દરમ્યાન પવિત્ર ગોંડલી નદીના કિનારે શ્રીઅક્ષરઘાટ પર યોજાશે. તા.૩૧ ગુરુવારને દીપોત્સવી દીને ચોપડા પૂજન નિમિત્તે મહાપુજા સાંજે ૪: ૩૦ વાગ્યે શરૂ થશે અને તા.૦૨/૧૧/૨૦૨૪ શનિવાર, નૂતનવર્ષના પવિત્ર દિને અન્નકૂટ દર્શનનો લાભ સવારે ૯ થી સાંજે ૭ વાગ્યા સુધી પ્રાપ્ત થશે. આ ઉપરાંત તા.૧૩ ઓક્ટોબરથી ૦૪ નવેમ્બર દરમ્યાન, યોગી સભામંડપમ્? ખાતે સવારે ૬ વાગ્યે સ્વામીશ્રીના પ્રાતઃપૂજા દર્શન,આશીર્વચન અને સાંજે ૬ વાગ્યે પારાયણમાં પૂ.સંતોના મુખે કથામૃતનો લાભ પ્રાપ્ત થશે. પરમ સાધુતા અને દિવ્યતાની મૂર્તિ સમાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના દર્શનાર્થે અને સત્સંગનો લાભ પ્રાપ્ત કરવા સર્વે ભક્તજનોને શ્રીઅક્ષર મંદિરના કોઠારી પૂદિવ્યપુરુષ સ્વામીએ હાર્દિક નિમંત્રણ પાઠવ્યું છે!

## આંચવડના શહિદ જવાનના પરિવારને મુખ્યમંત્રીના ફંડમાંથી સહાય પૂરી પાડવા કલેક્ટર તંત્ર દ્વારા દરખાસ્ત



રાજકોટ, તા.૧૫

જામકંડોરણાના આંચવડ ગામના શહિદ જવાનના પરિવારને મુખ્યમંત્રીના ફંડમાંથી સહાય પૂરી પાડવા માટે કલેક્ટર તંત્ર દ્વારા રાજ્ય સરકારમાં દરખાસ્ત કરી દેવામાં આવી છે.અહીં એ ઉલ્લેખનીય છે કે મહારાષ્ટ્રના નાસીકની સૈન્ય છાવણીમાં તોપ ફોડવાના અભ્યાસ દરમ્યાન તોપમાં દારૂગોળો ભરતા સમયે અકસ્માતે વિસ્ફોટ થતાં આંચવડના વિશ્વરાજસિંહ ગોહિલ સહિત બે અગ્નિવીર શહીદ થયેલ હતાં. આ કરૂણાંતિકામાં શહિદ જવાન વિશ્વરાજસિંહ ગોહિલના પરિવારજનોને મુખ્યમંત્રીના ફંડમાંથી મળવા પાત્ર સહાય પૂરી પાડવા માટે કલેક્ટર તંત્ર દ્વારા રાજ્ય સરકારમાં દરખાસ્ત કરવામાં આવી છે.

## સરગમ ક્લબ - એચ.પી. રાજ્યગુરૂ કું. તેમજ કેર ફોર હોમ ના સંયુક્ત ઉપક્રમે "સરગમી હસાયરો"

### હસાયરામાં વરસાદ હસે તો ડી. એચ કોલેજના બદલે હેમુ ગઢવી હૉલમાં પ્રોગ્રામ થશે

રાજકોટ,તા.૧૫

સરગમ કલબ અને કલાસીક એચ.પી. રાજયગુરૂ કું. અને કેર ફોર હોમ ના સંયુક્ત ઉપક્રમે તા. ૧૫/૧૦/૨૪ ને મંગળવાર રાત્રે ૮/૦૦ વાગ્યે ધર્મેન્દ્રસિંહજી કોલેજ (ડી.એચ. કોલેજ) ડો. યાજ્ઞીક રોડ, રાજકોટ ખાતે હસાયરો યોજાશે. ૧૦,૦૦૦ (દસ હજાર) લોકોની બેઠક વ્યવસ્થા ખુરશી પર રાખેલ છે. આ સરગમી હસાયરો માં સરગમ સહ પરિવાર અને જાહેર જનતા વિના મૂલ્યે આમંત્રણ પાઠવીએ છીએ.આ હસાયરામાં કલાકાર સાંઈરામ દવે, ધીરુભાઈ સરવૈયા, મનસુખભાઈ વસોયા વગેરે હાસ્યરસ પીરસશે. આ કાર્યક્રમ માં પ્રમુખ સ્થાન વજુભાઈ વાળા (પુર્વ. ગવર્નર કર્ણાટક રાજ્ય) અને ઉદઘાટક ભાનુબેન બાબરીયા (મંત્રી શ્રી ગુજરાત રાજ્ય) મુખ્ય અતિથી વિશેષ નયનાબેન પેઢડીયા (મેયર રાજકોટ મહાનગરપાલિકા) અને ડી.પી. દેસાઈ (કમિશનર, રાજકોટ મહાનગરપાલિકા) મુખ્ય મહેમાન માં રમેશભાઈ ટીલાળા (ધારાસભ્ય, રાજકોટ), હરેશભાઈ લાખાણી ( ગ્રુપ, ચેરમેન), પરસોતમભાઈ કમાણી (ડોક્ટર પમ્પ અગ્રણી ઉદ્યોગપતિ), નીરજભાઈ આર્ય (ઉત્કર્ષ ટી.એમ.ટી. બાર), અતુલભાઈ રાજાણી (પ્રમુખ - રાજકોટ શહેર કોંગ્રેસ), નિખીલભાઈ પટેલ (ડેકોરા ગ્રુપ), જીતુભાઈ બેનાણી (અમીધારા ડેવલપર્સ), રાહિલભાઈ પુજારા (પુજારા ટેલીકોમ), મનીષભાઈ માડેકા (રોલેક્સ રિંગ્સ પ્રા.લી.), ખોડીદાસભાઈ પટેલ (આર.કે. યુનિવર્સીટી ગ્રુપ, ચેરમેન), સુરેશભાઈ નંદવાણા (ભવાની ઈન્ડસ્ટ્રીઝ), પરાક્રમસિંહ જાડેજા (જ્યોતી ), શૈલેષભાઈ માંકડિયા (રાધે ગ્રુપ), કેતનભાઈ મારવાડી (ચેરમેન મારવાડી એજ્યુકેશન ટ્રસ્ટ), રાજદિપસિંહ જાડેજા (રાજાભાઈ વાવડી) છગનભાઈ ગઢિયા ( એજન્ટ, અગ્રણી ઉદ્યોગપતિ) આ તમામ મહાનુભાવો ઉપસ્થિત રહેશે.આ કાર્યક્રમ માં એચ.પી. રાજયગુરૂ કું. ચેરમેન હેતલભાઈ રાજયગુરૂ તેમજ કેર ફોર હોમ ચેરમેન એમ.જે. સોલંકી નો સહયોગ મળેલ છે.

### રાજકોટ શહેર ભાજપ કમલમ કાર્યાલય ખાતે

## કેન્દ્રીય રાજ્યમંત્રી, ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયના નિમુબેન બાંભણીયાએ શુભેચ્છા મુલાકાત લીધી







રાજકોટ,તા.૧૫

ભારતીય જનતા પાર્ટી દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૨૪ માં ત્રીજી વખત શપથ લઈ કેન્દ્ર સરકારની ધુરા સંભાળી છે ત્યારે ગુજરાત રાજયના ભાવનગર જીલ્લામાંથી તાજેતરની લોકસભા ચુંટણીમાં ભાજપના ચુંટાયેલા શ્રીમતિ નિમુબેન બાંભણીયાને મોદી સરકારમાં ગ્રાહક બાબતો તેમજ ખાદ્ય અને જાહેર વિતરણના રાજયમંત્રી તરીકે નિમવામાં આવેલ છે ત્યારબાદ પહેલીવાર રાજકોટ પધારેલ હોઈ રાજકોટ શહેર ભાજપ કમલમ કાર્યાલય ખાતે શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ તકે શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીએ તેમને પુષ્પગુચ્છથી સ્વાગત અને અભિવાદન કરવામાં આવેલ હતું. તેઓની મંત્રીશ્રીની મુલાકાત દરમ્યાન રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, રાજકોટ મહાનગર સંગઠનના પ્રભારી પ્રકાશભાઈ સોની, સક્રિય સદસ્યતાના પ્રભારી હસમુખભાઈ હિંડોચા, સહયોગી જે.કે.ચાવડા, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા, મહેશભાઈ રાઠોડ, વિજયભાઈ પાડલીયા, પૂર્વ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ સહિતના ઉપસ્થિત રહયા હતા.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# હાથની સ્વચ્છતાના મહત્વને ઉજાગર કરતી થીમ અન્વયે વિશ્વભરમાં જાગૃતિલક્ષી કાર્યક્રમો

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ, તા. ૧૫ઃ દર વર્ષે ૧૫ ઓક્ટોબરના રોજ વૈશ્વિક સ્તરે હાથોની સ્વચ્છતા પર ગ્લોબલ હેન્ડવોશિંગ ડેની ઉજવણી કરવામાં આવે છે. ત્યારે આ વર્ષ ૨૦૨૪ની થીમ ‘‘શા માટે સ્વચ્છ હાથ હજુ પણ મહત્વપૂર્ણ છે?‘‘ અંગે વિસ્તૃત માહિતી મેળવીએ.





આપણી તંદુરસ્તી માટે હાથોની સ્વચ્છતા ખૂબ જ મહત્વપૂર્ણ છે, હાથની ગંદકી હાથ ધોયા વગર કંઇ પણ ખાવા-પીવાથી શરીરમાં પહોંચી જાય છે. આ બેક્ટેરિયાને કારણે ઝાડા, પેટનો દુઃખાવો, આંખ અને ત્વચા સંબંધી અનેક બીમારીઓ થઇ શકે છે. વિશ્વએ જોયેલી કોરોના મહામારીએ હાથ ધોતાં રહેવાની પ્રવૃત્તિને વધુ આગળ વધારવાનું કામ કર્યુ છે. દરેક બાળક માટે વધુ સારી તથા સ્વચ્છ દુનિયા બનાવવા માટે યુનિસેફ ૧૯૦થી વધુ દેશો અને પ્રદેશોમાં કામ કરે છે. યુનિસેફે સ્થાનિક સરકારો સાથે વોશ સુવિધાઓ સ્થાપિત કરવા અને શાળાઓ માટે સલામત શિક્ષણ વાતાવરણ પૂરૂં પાડવા માટે કામ કર્યું છે. હાથ સ્વચ્છ હશે તો બાળકો ઓછા બીમાર પડશે, બાથરૂમનો ઉપયોગ કર્યા પછી, ખોરાક તૈયાર કરતી વખતે, ભોજન ગ્રહણ કરતા પહેલા, ખાંસી, છીંક કે નાક લૂછ્યા પછી તરત હાથ ધોવાનો આગ્રહ રાખવો જોઈએ. આપણા પરિવાર અને સમાજને રોગમુક્ત રાખવા માટે હાથ ધોવાની આદત હોવી ખૂબ જરૂરી છે અને આ બાબતની ટેવ બાળકોમાં પણ કેળવવી જોઈએ. હાથ ધોવા માટેની યોગ્ય રીત પણ વૈજ્ઞાનિકો દ્વારા સુચવવામાં આવી છે, જેમાં ભીના હાથ પર સાબુ લઈને બંને હથેળીઓ, હાથની પાછળનો ભાગ આંગળીઓમાં આંગળી પરોવીને આંગળીઓ વચ્ચેનો ભાગ, ટેરવા, હથેળી પર નખ ઘસીને નખ સાફ કરી ત્યારબાદ સ્વચ્છ પાણી વડે હાથ સાફ કરીને ચોખ્ખા કપડાંથી લુછવા જોઈએ. સાબુના ઉપયોગ બાદ તે સુકાઈ જાય તેવી જગ્યા પર રાખવો જોઈએ.

આપણાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વચ્છતા હી સેવાના મહાઅભિયાનને જન જન સુધી પહોંચાડવા દેશભરમાં વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી છે. પ્લાસ્ટિકમુક્ત ભારત, ઈ-વેસ્ટ, ભીના અને સુકા કચરાનો નિકાલ સહિતના અભિયાનો સ્વચ્છતાથી સ્વસ્થતા તરફ લઈ જાય છે. ઉપરાંત, સરકારશ્રી દ્વારા આરોગ્યલક્ષી યોજનાઓ, પોષણ અભિયાન, રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ સહિતની પ્રવૃતિઓ કાર્યરત છે, જેના થકી સ્વચ્છતાને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

# વેરાવળ નજીક હાઈવે ઉપર ગેરકાયદેસર ખનીજનું વહન કરતા ત્રણ ડમ્પર ઝડપી લેવાયા

- **ખાણ ખનીજ વિભાગને નિંદ્રાધીન અવસ્થામાંથી જગાડીને કાર્યવાહી કરાવતા જીલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજા**

(સામના મિરર, સંવાદદાતા)

તસવીરઃ રવિ ખખ્ખર, ગીર સોમનાથ

વેરાવળ, તા. ૧૫ઃ વેરાવળ સહિત જીલ્લામાં ખણીજોનું ગેરકાયદેસર ખનન અને પરીવહન બેરોકટોક થઈ રહ્યાની લોક ચર્ચાઓ વચ્ચે ખાણ ખનીજ વિભાગ કડક કાર્યવાહી કરવામાં વામણું પુરવાર થઈ રહ્યાનું ચિત્ર ઉપસી રહ્યુ છે. ત્યારે જીલ્લા કલેકટરની સુચના બાદ વેરાવળ નજીક હાઈવે ઉપરથી ખનીજનું ગેરકાયદેસર પરીવહન કરતા ત્રણ ડંપરોને ઝડપી લઈ અંદાજે ૬૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેના પગલે ખનીજચોરોમાં ફફડાટની લાગણી પ્રસરી ગઈ છે. ગીર સોમનાથ જીલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાને મળેલ માહિતીના આધારે તેમની સૂચનાથી પ્રાંત અધિકારી વિનોદ જોશી, ભૂસ્તરશાસ્ત્રીની સયુંકત ટીમ દ્વારા વેરાવળ નજીક હાઈવે ઉપર ચાંડુવાવ પાટીયા નજીક આવેલ ટહુકો હોટેલ પાસેથી સાદીરેતી ભરી ખનીજનું ગેરકાયદેસર વહન કરતા ત્રણ ડંપરોને ઝડપી લેવામાં આવ્યો હતો. આ દરોડામાં અંદાજે ૬૦ લાખનો મુદામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવીછે.

## સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢના યુવા પત્રકાર જયેશભાઈ મોરીનો આજે જન્મદિવસ



સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢમાં રહેતા સતવારા સમાજના અગ્રણી યુવા આગેવાન જયેશભાઈ મોરીનો આજે જન્મદિવસ આ જન્મદિવસના અવસર પર મોરી પરિવારમાં ખુશીનો માહોલ છવાયો છે. સુરેન્દ્રનગર જિલ્લાના થાન પંથકમાં છેવાડાનાં માનવીની સમસ્યાઓને ઉજાગર કરવા વિવિધ ટીવી ચેનલના માધ્યમથી રિપોર્ટર તરીકે આગવી ઓળખ ઉભી કરનાર અને હર હંમેશ લોકોના સુખ દુઃખમાં સહભાગી બનનાર હસમુખા સ્વભાવના જયેશભાઈ મોરીનો આજે જન્મદિવસ છે આ જન્મદિવસના પ્રસંગે મોરી પરિવારનાં પરિવારજનોએ જયેશભાઈ મોરીનુ સ્વાસ્થ્ય તંદુરસ્ત રહે અને નિરોગી રહે તેમજ તેમનાં દીર્ઘાયુ માટે પરિવારનાં સભ્યોએ માતાજી કુળદેવી પાસે પ્રાર્થના કરી હતી. જયેશભાઈને સંતો મહંતો અને રાજકીય અગ્રણી આગેવાનો તેમજ સામાજિક સંસ્થાના આગેવાનો અને સતવારા સમાજના આગેવાનો સહિત ઈલેક્ટ્રોનિક ટીવી ચેનલના તેમજ પ્રિન્ટ મીડિયાના પત્રકાર મિત્રો સહિત તેમનાં પરિવાર તરફથી જયેશભાઈ મોરીને તેમનાં જન્મદિવસના ખુબ ખુબ અભિનંદન સાથે ઢેર સારી શુભેચ્છાઓ પાઠવી હતી.

# વેરાવળમાં ફૂડ વિભાગે ભેળસેળીયા તત્વોને ઝડપવા વ્યાપક ચેકીંગ હાથ ધરાયું

■ **વેરાવળ અને તાલાલાની ૧૫ પેઢીઓમાંથી ઘી, ચીઝ, દુધ, પનીર, ફરસાણ, મીઠાઈ, માવો સહિતની ખાધસામગ્રીના ૩૯ નમુના લેવાયા**

(સામના મિરર, સંવાદદાતા)

વેરાવળ, તા. ૧૫ઃ ગીર સોમનાથ જીલ્લામાં બેફામ બની રહેલા ભેળસેળીયા તત્વોને ડામી દેવા જીલ્લાનું વહીવટી તંત્ર અને ફુડ વિભાગે કમ્મર કસી વ્યાપક ચેકીંગની કામગીરી હાથ ધરી હતી. જે અંતર્ગત વેરાવળ અને તાલાલાની ૧૫ પેઢીઓમાં ચેકીંગ હાથ ધરીને ઘી, ચીઝ, દુધ, પનીર, ફરસાણ, મીઠાઈ, મીઠો માવો સહિતની ખાધસામગ્રીના ૩૯ નમુના લઈ પૃથક્કરણ માટે મોકલવા તજવીજ હાથ ધરી છે. જયારે ચેકીંગ દરમ્યાન મળી આવેલ ૩૩ કીલો અખાધ પદાર્થોનો નાશ કરવામાં આવેલ છે. ફુડ વિભાગે અચાનક કરેલ સરપ્રાઈઝ ચેકીંગ કામગીરીથી ભેળસેળીયા તત્વોમાં ફફડાટની લાગણી પ્રસરી ગઈ છે. આ અંગે માહિતી આપતા જીલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાએ જણાવેલ કે, જીલ્લામાં ભેળસેળવાળા ખાધ પદાર્થો અંગે અનેક ફરીયાદો મળી હોવાથી ચેકીંગ કરવા આદેશ કર્યો હતો. જેને લઈ જીલ્લા ફુડ વિભાગના અધિકારીઓ પી.બી.સાવલીયા, સી.કે.નિમાવત, કે.એચ.ચોચાના નેતૃત્વમાં ત્રણેક ટીમો બનાવીને વેરાવળ અને તાલાલામાં વ્યાપક ચેકીંગ કામગીરી હાથ ધરી હતી. જેમાં વેરાવળમાં મહાદેવ ડેરી ફાર્મ, પતંજલી ઔષધાલય, ગાયત્રી ફરસાણ, રઘુવંશી ફરસાણ, અંબીકા ફરસાણ, ભવાની પ્રોવિઝન, શ્યામ ડેરી, હોટલ રીવરફ્રન્ટ, રામેશ્વર ડેરી, ગીર ફ્રેશ ડેરી, નંદરાજ ડેરીમાં ચેકીંગ હાથ ધરીને ઘી, ચીઝ, પનીર, ફાફડા-જલેબીના કુલ ૨૦ સેમ્પલો લેવામાં આવેલ તેમજ ૧૦ હજારની કિંમતનો ૩૩ કીલો અખાધ પદાર્થો નાશ કરવામાં આવેલ હતો.

જયારે તાલાલામાંથી પ્રસાદ ડેરી પ્રોડકટસ, માધવ એન્ટરપ્રાઈઝ, બંસીધર ડેરી ફાર્મ, ગુરૂકૃપા ડેરી ફાર્મમાં ચેકીંગ હાથ ધરીને મીઠો માવો, દુધ, પનીર, મીઠાઈ, ફરસાણના ૧૯ નમુના લેવામાં આવ્યા હતા. આ બંન્ને શહેરોની ૧૫ પેઢીઓમાંથી લેવાયેલા ૩૯ નમુનાઓને પૃથક્કરણ માટે મોકલવા તજવીજ હાથ ધરી છે.



તસવીરઃ રવિ ખખ્ખર, ગીર સોમનાથ

# ધોરાજીમાં સતત ત્રીજા દિવસે આષોએ અષાઢી મહોલ

■ **ધોરાજી શહેર અને તાલુકામાં ખેડૂતોને રાહતનો પેકેજ હજુ આવ્યું નથી ત્યાં ત્રણ દિવસથી વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ આવતા મગફળી તેમજ અન્ય પાકોમાં ભારે નુકસાની**

(સામના મિરર, સંવાદદાતા)

ધોરાજી, તા. ૧૫ઃ ધોરાજીમાં છેલ્લા ત્રણ દિવસથી મેઘરાજાએ આસો મહિનામાં અષાઢી મહોલ હોય એ પ્રકારે ભારે પવન અને વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ વરસી જતા ખેડૂતોને પારાવાર નુકસાની ભોગવવી પડી છે

રાજકોટ જિલ્લા સહકારી ક્ષેત્રના અગ્રણી જે.ડી બાલધા ધોરાજી તાલુકા પંચાયતના ઉપપ્રમુખ રામભાઈ હેરભા એ જણાવેલ કે ધોરાજી શહેર અને તાલુકામાં આશરે ૧૦૦ ઈંચ જેવો વરસાદ પડી ગયો છે ગુજરાત સરકાર દ્વારા સર્વે કરવામાં પણ આવેલ છે આજ સુધી રાહત ખેડૂતોને મળી નથી ત્યાં અચાનક નવરાત્રી પૂરી થતાં વિજયાદશમીના પાવન પ્રસંગે અચાનક મેઘરાજાએ ભારે પવન અને વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદનો પ્રાગમ થતા અને સતત ત્રીજા દિવસે વરસાદ ચાલુ રહેતા હાલમાં ખેડૂતો ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયા છે

તેમજ ખેડૂતોએ મગફળી બહાર કાઢીને સુકવવા રાખી હતી અને અન્ય જણસી પણ ભારે વરસાદને કારણે નુકસાની થયેલ છે. આમ જોતા ખેડૂતોને રાહત પેકેજ તો હજુ મળ્યું નથી ત્યાં બીજી મોટી નુકસાની જોવા મળી રહી છે આ બાબતે સરકાર તાત્કાલિક ધોરાજી ઉપલેટા પંથક ના ખેડૂતોને નિયમ પ્રમાણે અને વધુમાં વધુ રાહત મળે તે બાબતે યોગ્ય કાર્યવાહી કરે તેવી માગણી કરી હતી

તેમજ નવરાત્રી પર્વ પૂર્ણ થતા અમુક ગરબીઓ પણ શરદ પૂનમ સુધી વેલકમ નવરાત્રી બાદ બાય બાય નવરાત્રી ચાલતી હોય છે પરંતુ છેલ્લા ત્રણ દિવસથી વરસાદ ને કારણે મોટાભાગના કાર્યક્રમમાં મોકૂફ અથવા તો બંધ રાખવામાં આવ્યા છે છેલ્લા ત્રણ દિવસથી દરરોજ સાંજના સમયે ભારે પવન અને વીજળી સાથે વરસાદ આવતા વાતાવરણમાં એકાએક પલટો આવી ગયો છે અને વરસાદી માહોલને કારણે રોગચાળાની પણ બીમારી જોવા મળી રહી છે તહેવારો ઉપર લોકોને મુશ્કેલી ભોગવી પડે તેવું જોવા મળી રહ્યું છે



તસવીરઃ વિમલ સોંદરવા ધોરાજી

# હાલોલના શ્રી મોગલધામ મંદિર ખાતે યોજાશે ભવ્ય તરવેડો

## ■ ગુજરાતના નામાંકિત કલાકારોનો યોજાશે ભવ્ય લોકડાયરો

પંચમહાલ જિલ્લાના હાલોલના આઈ શ્રી મોગલધામ મંદિર ખાતે મંદિરના મહંત શ્રી મનુભાઈ ચારણના સાનિધ્યમાં ભવ્ય તરવેડાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ગુજરાતના નામાંકિત કલાકારો દ્વારા ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે.

ગોધરાથી વડોદરા હાઈવે ઉપર હાલોલ બજાર જવાના રોડ ઉપર લકી સ્ટુડિયો પાસે આવેલું આઈશ્રી મોગલ ધામ મોગલ માતાનું મંદિર લોકોમાં આસ્થાનું કેન્દ્ર બન્યું છે. રવિવારે અને મંગળવારે ખાસ કરીને દૂરથી સુદૂરથી મોગલ ભક્તો દર્શન કરવા આવે છે અને દર્શન કરીને ધન્યતા અનુભવે છે. તારીખ ૧૮/૧૦/૨૦૨૪ના રોજ તરવેડો ઉત્સવ માટે મંદિરના માઈભક્ત મનુભાઈ ચારણ અને શ્રી ગોપાલભાઈ ચારણ સહિત પૂરી ટીમ દ્વારા આ કાર્યક્રમની ઉજવણીની પૂર્વ તૈયારીઓ કરી દેવાઈ છે. તરવેડા ઉત્સવ નિમિત્તે રાત્રે યોજાનાર ભવ્ય લોકડાયરામાં ગુજરાતના સુપ્રસિદ્ધ કલાકારો સર્વશ્રી સાગરદાન ગઢવી, પરેશદાન ગઢવી, વિજય ગઢવી અને કમલેશ બારોટ મંચ ગજવશે. આ કાર્યક્રમમાં ૧૨૮-હાલોલના લોકપ્રિય અને ઉત્સાહી ધારાસભ્ય શ્રી જયદ્રદસિંહજી પરમાર, પંચમહાલ જિલ્લા સહકારી સંઘના ડિરેક્ટર શ્રી મયુરધ્વજસિંહ પરમાર પણ ખાસ શુભેચ્છા અને પ્રોત્સાહન આપવા માટે ઉપસ્થિત રહેશે. કાર્યક્રમના દિવસે ભંડારા સહિત મોગલ માતાજીના મામેરા સહિતના વિવિધ કાર્યક્રમો યોજાશે. અત્રે ઉલ્લેખનીય છે કે શરૂઆતમાં આ સ્થળે માત્ર ત્રણ ઈંટોથી શરૂ થયેલું મંદિર જીર્ણોદ્ધાર કરીને હાલ આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. તારીખ ૧૮મી ઓક્ટોબરના રોજ યોજાનારા આ ભવ્ય તરવેડા કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉપસ્થિત રહેનાર છે.






# સાવરકુંડલામાં ભવ્ય પથ સંચલન સાથે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની ૯૯મી વર્ષગાંઠ ઉજવાઈ

સાવરકુંડલા, તા. ૧૫: રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની ૯૯મી વર્ષગાંઠની ઉજવણીના ભાગ રૂપે સાવરકુંડલા શહેરમાં ભવ્ય પથ સંચલનનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેર ના જેસર રોડ તેમજ સોસાયટીઓ પર નીકળેલા આ પથ સંચલનમાં મોટી સંખ્યામાં સંઘ કાર્યકર્તાઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો.


રિપોર્ટરઃ યોગેશ ઉનડકટ સાવરકુંડલા

બાળકોથી લઈને વૃદ્ધો સુધીના સંઘ કાર્યકર્તાઓએ પરમ પૂજ્ય ભગવા ધ્વજ અને ગણવેશમાં સજ્જ થઈને શહેરના માર્ગો પર શોભા વધારી હતી. નગરવાસીઓએ પણ ઉત્સાહપૂર્વક આ કાર્યક્રમમાં જોડાઈને ભગવા ધ્વજ પૂજન તેમજ પુષ્પવર્ષા કરીને સ્વાગત કર્યું હતું. તેમજ સ્વયંસેવકો દ્વારા આર એસ એસ ની સ્થાપના શતાબ્દી વર્ષ નિમિત્તે પંચ પરિવર્તન વ્યવહારમાં લેવા અનુરોધ કરવામાં આવ્યો હતો જેમાં સમરસતા, સ્વદેશી, કુટુંબ પ્રબોધન પર્યાવરણ, નાગરિક શિષ્ટાચાર વિશે વાત કરવામાં આવી હતી

સંઘ કાર્યકર્તાઓએ શિસ્તબદ્ધ રીતે પથ સંચલન કરીને નગરવાસીઓને દેશભક્તિની પ્રેરણા આપી હતી. આ પથ સંચલનમાં પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. સાવરકુંડલાના નગરવાસીઓએ પણ આ કાર્યક્રમને લઈને ભારે ઉત્સાહ દર્શાવ્યો હતો.

આ પથ સંચલન વિજયાદશમીના પર્વ નિમિત્તે યોજવામાં આવ્યું હતું. વિજયાદશમી હિંદુ ધર્મનો એક મહત્વપૂર્ણ તહેવાર છે અને તેને વિજયનું પ્રતીક માનવામાં આવે છે. આ દિવસે સંઘ કાર્યકર્તાઓ દેશની એકતા અને અખંડિતતા માટે પ્રતિજ્ઞા લે છે.

# જસદણના પત્રકાર હુસામુદ્દીન કપાસીનો આજે જન્મદિનઃ સફળ જીવનના ૫૫ વર્ષમાં મંગલ પ્રવેશ



જસદણ વીંછીયા પંથકના પત્રકાર જગતમાં આગવી પ્રતિભા અને આચાર વિચારથી સમૃદ્ધ એવાં હુસામુદ્દીનભાઈ કપાસીનો આજે ૧૫ ઓક્ટોબર મંગળવારના રોજ જન્મદિન છે ઇસ્વીસન ૧૯૬૬ની સાલમાં જન્મેલા હુસામુદ્દીનભાઈએ આજે પોતાની જીવનયાત્રામાં ૫૮ વર્ષ પૂર્ણ કરી ૫૯ માં વર્ષમાં પ્રવેશ કર્યો છે એમણે પ્રેસ મીડિયાની સફરમાં કોઈપણ જાતનો ડાઘ લાગવા દીધો નથી દરેક સાથે કોઈ ફરિયાદ વગર સારા સંબંધો જાળવી રાખ્યા છે સ્વાર્થ પરસ્ત પત્રકારત્વથી દુર રહી પ્રજાજોગ સચોટ સમાચારોમાં અગ્રેસર રહેનારા હુસામુદ્દીનભાઈ તેમની મૌલિકતાસભર લખાવટની સોડમ થકી ઘણાં વાંચકોની ગુડબુકમાં છે ખાસ કરીને ચૂપચાપ સેવાકીય કાર્યોમાં વિશેષ રસ દાખવતા અનેક લોકોના દિલમાં અનેરું સ્થાન ધરાવતા હુસામુદ્દીનભાઈના આજના જન્મદિને મો.૯૯૨૪૦ ૧૪૩૫૨ ઉપર અભિનંદનની વર્ષા થઈ રહી છે.





# કાલાવડ પાસે રાત્રે ધાડ પાડવાની તૈયારી કરતી ટોળકી ઝડપાઈ

## ધસી ગયેલી એલસીબીએ પાઈપ, લાકડી, કોશ, છરી, ગણેશીયો કબજે કર્યાઃ ૪૮થી વધુ ગુન્હાની કબૂલાત

**(સામના મિરર, સંવાદદાતા)**

જામનગર તા. ૧૪ઃ કાલાવડથી રણુજા વચ્ચે આવેલી જીઆઈડીસી વસાહત પાસેથી ગઈરાત્રે એલસીબીએ પાંચ શખ્સને ઘાતક હથિયાર, મોબાઈલ, બાઈક, રોકડ સાથે પકડી પાડ્યા છે. આ ટોળકી કોઈ જગ્યાએ ધાડ પાડવાની તૈયારી કરતી હતી ત્યારે જ એલસીબી પહોંચી ગઈ હતી. આ શખ્સોએ તાજેતરમાં પાંચ મકાનમાં થયેલી ચોરીની કબૂલાત આપી છે અને અત્યાર સુધીમાં દ્વારકાથી માંડી મહિસાગર, આણંદ, દાહોદ જિલ્લામાં ૪૮થી વધુ ગુન્હાને અંજામ આપ્યાનું કબૂલ્યું છે. કુલ રૂ.૧,૫૬,૨૯૦નો મુદ્દામાલ એલસીબીએ કબજે કરી પૂછપરછ શરૂ કરી છે. જામનગરની સ્થાનિક ગુન્હાશોધક શાખાના સ્ટાફ દ્વારા ગઈકાલે કરવામાં આવી રહેલા પેટ્રોલિંગમાં સ્ટાફના દિલીપ તલાવડીયા, કાસમ બ્લોચ, હિતેન્દ્રસિંહ, હરદીપ બારડ, મયુરસિંહ, ઋષિરાજ સિંહને બાતમી મળી હતી કે, પાંચ જેટલા શખ્સ કાલાવડ નજીક જીઆઈડીસી વસાહત પાસે હથિયારો સાથે ઉભા રહી લૂંટ અથવા ધાડ પાડવાની તૈયારી કરી રહ્યા છે.

તે બાતમીથી પીઆઈ વી.એમ. લગારીયાને વાકેફ કરાયા પછી પીએસઆઈ પી.એન. મોરી તથા એ.કે. પટેલ સહિતના સ્ટાફે મોડી રાત્રે વોચ રાખી હતી. તે દરમિયાન રાત્રે દોઢેક વાગ્યે કાલાવડથી રણુજા તરફ જવાના રસ્તા પર જીઆઈડીસી વસાહતના ગેઈટ નજીકથી પાંચ શખ્સ લાકડી, છરી, પાઈપ, ગણેશીયા, ડીસમીસ, કટર સાથે મળી આવ્યા હતા.

આ શખસોના કબજામાંથી ત્રણ મોબાઈલ અને રૂ.30 હજારની કિંમતનું હોન્ડા કંપનીનું સાઈન મોટરસાયકલ પણ કબજે કરાયું છે. એલસીબી કચેરીએ ખસેડાયેલા આ શખ્સોની પૂછપરછ શરૂ કરાતા મૂળ દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના આંબલી ખજુરીયા ગામના વતની અને હાલમાં કાલાવડના મોટી માટલીમાં રહેતા કમલેશ બદીયાભાઈ પલાસ, છરછોડા ગામના અજય ધીરૂભાઈ પલાસ, ગોરધન ધીરૂભાઈ પલાસ, પંકેશ મથુરભાઈ પલાસ, ધોરાજીના જમનાવડમાં રહેતા રંગીત બાદરભાઈ મીનામા નામના આ શખ્સોએ એલસીબી સમક્ષ પોપટ બની જઈ કેટલાક ગુન્હાઓની કબૂલાત આપી છે. આ શખ્સોએ તાજેતરમાં અશ્વિન મનસુખભાઈ ભંડેરી તેમજ કપિલ વૈરાગી, આનંદભાઈ સખીયા, રાજેશ બઘેલ, અલ્પેશ બગડા નામના પાંચ આસામીના શ્યામ વાટીકા સોસાયટીમાં આવેલા બંધ મકાનોમાં તાળા તોડી રૂ.૪ લાખ ૪૧ હજારની મત્તા ચોર્યાની કબૂલાત આપી છે.

આ શખ્સોની શરૂ રાયેલી ઘનિષ્ઠ પૂછપરછમાં તેઓએ છેલ્લા સવા વર્ષમાં દસ ચોરી કર્યાની કેફિયત આપી છે. જેમાં વીસેક દિવસ પહેલાં કાલાવડના આણંદપર નજીક ચાર કારખાનાના તાળા તોડી રોકડ, બાઈકની ચોરી કરવા ઉપરાંત મહિસાગરના અમથાણી ખાંડીવાવ ગામમાં દુકાનની ચોરી, સવા વર્ષ પહેલાં રાજકોટના બેડી નજીક કારખાનામાં ચોરી ઉપરાંત સાતેક દિવસ પહેલાં અમદાવાદના દસક્રોઈ ગામમાં કારખાનામાં ચોરી, પાંચેક દિવસ પહેલાં ધોરાજીમાં બંધ કારખાનામાં ચોરી સહિત દસ ચોરીને અંજામ આપ્યાનું કબૂલી લીધુ છે.

પાંચેય આરોપીઓને અલગ અલગ રાખી કરાયેલી પૂછપરછમાં આરોપી પંકેશ મથુરભાઈએ પોતાની સામે વર્ષ ૨૦૧૪થી અત્યાર સુધીમાં હત્યા, લૂંટ, હથિયાર ધારા, ચોરી, દારૂબંધી ભંગ, ગેરકાયદે મંડળી રચી હુમલો સહિતના ૩૪ ગુન્હા નોંધાયેલા હોવાનું જણાવ્યું છે. જયારે કમલેશ બદીયાભાઈએ વર્ષ ૨૦૧૬થી અત્યાર સુધીમાં જુદા જુદા પોલીસ સ્ટેશનમાં દસ ગુન્હા અને ગોરધન ધીરૂભાઈએ વર્ષ ૨૦૧૯ અને ચાલુ વર્ષમાં ચોરી, હુમલાના બે ગુન્હા તથા અજય ધીરૂભાઈ સામે પણ ચોરીના બે ગુન્હા નોંધાયા હોવાની કબૂલાત આપી છે.

આ શખ્સો ચોરી કરતા પહેલાં જે તે મકાન અથવા કારખાનાને નજરમાં રાખી રેકી કર્યા પછી ચોરી કરી લેતા હતા. તે ઉપરાંત મોડીરાત્રિના સમયે અવાવરૂ જગ્યાએ એકલ દોકલ વ્યક્તિને લૂંટી પણ લેતા હતા. કુલ રૂ.૧,૫૬,૨૯૦નો મુદ્દામાલ કબજે કરી આ ગેંગ ઝડપાયાની દ્વારકા, રાજકોટ, અમદાવાદ ગ્રામ્ય, ખેડા,

# શરદ પૂર્ણિમા ક્યારે ?



## જાણો આ દિવસે શુ કરવું અને શું નહી ?

બુધવારે શરદપૂર્ણિમાનુ મહત્વ બુધવારે આખી રાત્રે પૂર્ણિમા તિથિ છે જે ગુરુવારે નથી આથી બુધવારે શરદ પૂનમ નું મહત્વ છે આસો સુદ ૧૪ને બુધવાર તારીખ ૧૬ ઓક્ટોબરના દિવસે શરદપૂર્ણિમા છે જ્યોતિષી રાજદીપ જોશીના જણાવ્યા પ્રમાણે બુધવારે રાત્રે ૮.૨૧ કલાક થી પૂનમ તીથી શરૂ થાય છે જે ગુરુવારે સાંજ ના ૪.૫૬સુધી જ પૂનમ તિથિ છે ખાસ કરીને શરદ પૂનમમા રાત્રિના ચંદ્રનુ મહત્વ હોય છે આથી બુધવારે આખી રાત પૂનમ તિથિ છે જે ગુરુવારે નથી અને શરદ પૂનમમા રાત્રીનું મહત્વ વધારે હોય છે આથી નિયમ પ્રમાણે વ્રતની પૂનમ કોજાગરી પૂનમ શરદપૂર્ણિમા બુધવારે ગણાશે. તે ઉપરાંત તેઓ પોતાના કુળદેવતા કુળદેવી માતાજી અથવા જે કોઈ દેવી દેવતાના પૂનમના દર્શને જતા હોય તેઓ ગુરુવારે સાંજ ના ૪.૫૬ સુધી પૂનમના દર્શન ગણાશે શરદ પૂનમની રાત્રે અગાસીમાં દૂધ પૌવા સાકર મૂકવાનું મહત્વ છે તથા તથા ચંદ્રના અજવાળામાં સોયમાં દોરો પોરવવાનું મહત્વ છે તે ઉપરાંત ઔષધી સેવન રાસ ગરબા ધુન કીર્તન નું મહત્વ છે અને લક્ષ્મી પૂજાનું પણ મહત્વ છે.



### શરદ પૂર્ણિમાના દિવસે શુ કરવુ ?

ચંદ્રમાંને જળ ચઢાવો અને મંત્રોનો જાપ કરો. દેવી લક્ષ્મીની પૂજા કરો અને ધન માટે પ્રાર્થના કરો. ઘરમાં દિવો પ્રગટાવો, તેનાથી ઘરમાં સકારાત્મક ઉર્જા આવશે. દેવી લક્ષ્મી અને ભગવાન વિષ્ણુના મંત્રોનો જાપ કરો. ધાર્મિક ગંથ વાંચો અને ગરીબોને દાન કરૌ

### શરદ પૂર્ણિમાના દિવસે ન કરશો આ કામ

નકાત્મક વિચારોને તમારા મનમાં ન આવવા દો. કોઈની સાથે વિવાદ ન કરો. ક્રોધ ન કરો. તમારે ખોટુ બોલવાનુ નથી

### આ વાતો પર વિશેષ ધ્યાન આપો


શરદ પૂર્ણિમાના દિવસે ભૂલથી પણ તામસિક ભોજન ન કરો. સાથે જે આ દિવસે લસણ અને ડુંગળીનુ સેવન પણ વર્જિત છે. આ દિવસે કાળા રંગનો પ્રયોગ ન કરો અને કાળા કપડા ન પહેરો. ચમકીલા સફેદ કપડા પહેરો તો સારુ રહેશે.  શરદ પૂર્ણિમા પર ચંદ્રમાની રોશનીમાં મુકેલી ખીર ખાવાનુ વિશેષ મહત્વ હોય છે. શરદ પૂર્ણિમાની રાત્રે ચંદ્રમાની રોશનીમાં મુકેલી ખીરનો નૈવેદ્ય લગાવવાની પરંપરા છે. એવુ માનવામાં આવે છે કે ચંદ્રમાની કિરણોના પ્રભાવથી ખીરનુ અમૃત રસ તેમા ભળી જાય છે. ખીરને કાંચ, માટી કે ચાંદીના વાસણમાં જ મુકો.  અન્ય ધાતુનો પ્રયોગ ન કરો. શરદ પૂર્ણિમાના દિવસે ઘરમાં કોઈ પણ પ્રકારનો ઝગડો કે ક્લેશ ન થવો જોઈએ. તેનાથી ઘરમાં દરિદ્રતા આવે છે.

**-વેદાંત રત્ન જ્યોતિષી રાજદીપ જોશી**

# રાજકોટમાં ડેન્ગ્યુના ૨૪, શરદી-ઉધરસના ૧,૧૧૨ અને સામાન્ય તાવના ૬૭૩ કેસ

રાજકોટ, તા. ૧૫: ચાલુ વર્ષે ચોમાસા ઋતુ દરમિયાન સારો વરસાદ નોંધાયા બાદ થોડા સમયના વિરામ બાદ ફરી ૩ દિવસથી રાજકોટ શહેર અને જિલ્લામાં વરસાદી ઝાપટા વરસી રહ્યા છે. ત્યારે હવે નવરાત્રિ પૂર્ણ થયા બાદ મિશ્ર ઋતુના કારણે ડેન્ગ્યુ અને મેલેરિયા કેસો સતત વધતા જોવા મળી રહ્યા છે. છેલ્લા એક સપ્તાહની અંદર રાજકોટ શહેરમાં મનપાના ચોપડે નોંધાયેલ આંકડા પર નજર કરીએ તો ડેન્ગ્યુના ૨૪, મેલેરિયાના ૨, ટાઈફોડના ૩, કોલેરાનો ૧, ચિકન ગુનિયાના ૩ અને સામાન્ય તાવ, શરદી, ઉધરસના ૧,૭૮૫ કેસ નોંધાયા છે. ઉલ્લેખનીય છે કે, ડેન્ગ્યૂ એડીસ મચ્છર દિવસના સમયે કરડે છે અને એક સાથે વધુ લોકોને કરડતો હોવાથી વધુ જનસમુદાય હોય તેવા સ્થળો એ આવા રોગ ફેલાવવાનો જોખમ વધુ રહે છે.

રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય તંત્ર દ્વારા ડેન્ગ્યુ, મેલેરિયા, ચિકુનગુનિયા વગેરે જેવા રોગોને નિયંત્રિત કરવા માટે સતત પ્રયાસો થઈ રહ્યા છે. છેલ્લા એક સપ્તાહ દરમિયાન રાજકોટ શહેરમાં મેલેરિયાના નવા ૨ કેસ નોંધાતા ચાલુ વર્ષ દરમિયાન મેલેરિયા કેસની સંખ્યા ૩૦ પહોંચી છે. જ્યારે ડેન્ગ્યુના નવા ૨૪ કેસ નોંધાતા ચાલુ વર્ષ દરમિયાન ડેન્ગ્યુ કેસની સંખ્યા ૨૭૨ પહોંચી છે. જ્યારે ચિકુનગુનિયાના ૩ કેસ નોંધાતા તેના વાર્ષિક કેસની સંખ્યા ૩૦ પહોંચી છે. આ સાથે છેલ્લા એક સપ્તાહ દરમિયાન શરદી-ઉધરસના ૧,૧૧૨ કેસ, સામાન્ય તાવના ૬૭૩ કેસ અને ઝાડા-ઉલટીના ૧૬૬ કેસ નોંધાયા છે.




આ રોગચાળા દ્વારા ઉભા થતા જાહેર આરોગ્ય પડકારને પહોચી વળવા માટે તમામ સ્તરે ઘનિષ્ઠ પ્રયાસો કરી રહ્યા છે. વાહક નિયંત્રણની કામગીરી હેઠળ છેલ્લા એક સપ્તાહ દરમિયાન પોરાનાશક કામગીરી હેઠળ ૧,૦૨,૩૧૬ ઘરોમાં પોરાનાશક કામગીરી કરી છે. તથા ૬૨૪૨ ઘરોમાં ફોગિંગ કામગીરી કરી છે.

ડેન્ગ્યુ રોગ અટકાયતીના ભાગરૂપે શહેરી વિસ્તારમાં રહેણાંક મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોર્મશિયલ કોમ્પલેકસ, ઔધોગિક એકમો, વ્યાપાર ધંધાના સ્થળ તેમજ રહેણાંક મકાનની આસપાસના વિસ્તારોમાં મચ્છરોના ઉત્પતિ સ્થાનો જોવા મળશે તો જગ્યાના માલિક કે ભોગવટો કરનાર કે જવાબદાર આસામી સીધી રીતે જવાબદાર ગણી બાયલોઝ અંતર્ગત તેની વિરૂદ્ધ મચ્છર ઉત્પતિ સબબ નોટીસ તથા વહિવટી ચાર્જ વસૂલાતની કામગીરી કરવામાં આવેલ છે. આ કામગીરી હેઠળ રહેણાંક સિવાય અન્ય ૩૩૫ પ્રીમાઈસીસ (બાંધકામ સાઈટ, સ્કૂલ, હોસ્પિટલ, હોટેલ, ઈન્ડસ્ટ્રીઝ, હોસ્ટેલ, કોમ્પ્લેક્ષ, ભંગારના ડેલા, સેલર, હોલ/વાડી/પાર્ટી પ્લોટ, ધાર્મિક સ્થળ, પેટ્રોલ પંપ, સરકારી કચેરી વગેરે) નો મચ્છર ઉત્પતિ સબબ તપાસ કરવામાં આવેલ છે. જેમાં રહેણાંક સહિત મચ્છર ઉત્પતિ સબબ ૮૧૨ આસામીને નોટીસ તથા રૂપિયા ૩૦,૧૦૦નો વહીવટી ચાર્જ વસૂલાત કરવામાં આવેલ છે.




# અમદાવાદ સાયબર ક્રાઈમે દેશના ડિજિટલ એરેસ્ટના સૌથી મોટા રેકેટનો પર્દાફાશ કર્યો

## આરોપીઓએ એક વર્ષ સુધી રોજના ૨ કરોડ પડાવ્યા; માસ્ટરમાઈન્ડની તાજમાંથી ધરપકડઃ ૪૫૦થી વધુ ફરિયાદ

અમદાવાદ, તા. ૧૫ઃ દેશભરમાં સિનિયર સિટિઝન સાથે ડિજિટલ એરેસ્ટના નામે ઠગાઈ ચાલી રહી છે. અમદાવાદ સાયબર ક્રાઈમે ડિજિટલ એરેસ્ટના નામે ચાલતી ઠગાઈના આંતરરાષ્ટ્રીય રેકેટનો પર્દાફાશ કર્યો છે. સાયબર ક્રાઈમે અગાઉ ૧૩ ભારતીય આરોપીની ધરપકડ કરી હતી, ત્યારે હવે આ ઠગાઈના મુખ્ય સૂત્રધાર એવા ચાર તાઈવાનના નાગરિકની ધરપકડ કરી છે. આરોપીઓએ બિઝનેસ ભારતમાં ચલાવવા ૪ વર્ષ રિસર્ચ કર્યું હતું. એ બાદ ડિજિટલ એરેસ્ટ, શેર માર્કેટમાં રોકાણ, ગેમિંગ ઝોનના નામે આરોપીઓએ કરોડો રૂપિયાની છેતરપિંડી કરી છે. આરોપીઓ રોજ ૧.૫૦ કરોડથી ૨ કરોડ રૂપિયા પડાવતા હતા. આરોપીઓએ ડાર્ક રૂમથી લોકોને છેતરતા હતા. આરોપીઓ વિરુદ્ધ દેશભરમાં ૪૫૦થી વધુ ગુના નોંધાયેલા છે.

સાયબર ક્રાઈમે તાઈવાનના મુચી સંગ ઉર્ફે માર્ક, ચાંગ હાવ યુન ઉર્ફે માર્કો, વાંગ ચુન વેઈ ઉર્ફે સુમોકા અને શેન વેઈ હાવ ઉર્ફે ક્રિશની ધરપકડ કરી છે. ચારેય તાઈવાન આરોપીઓ ડિજિટલ અરેસ્ટના માસ્ટર માઈન્ડ છે.

સાયબર સ્કેમ માટે જુદાં-જુદાં રાજ્યોમાં ગેંગ ઊભી કરી હતી. આ આંતરરાષ્ટ્રીય ગેંગની અંદર ભારતીયો સહિત ૧૭ લોકોની ધરપકડ કરી સમગ્ર આંતરરાષ્ટ્રીય નેટવર્કનો પર્દાફાશ થયો છે. અમદાવાદના એક સિનિયર સિટિઝનને આ ગેંગે ઈઈઈના નામે ડરાવી-ધમકાવીને ડિજિટલ અરેસ્ટ કરીને રૂપિયા ૮૦ લાખ પડાવ્યા હતા. એ મામલે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાતાં સાયબર ક્રાઈમની ટીમે ટેક્નિકલ એનાલિસિસ કરીને ગુજરાતનાં અમદાવાદ, વડોદરા, સુરત, લીંબડી તથા મુંબઈ, ઓડિશા, દિલ્હી, બેંગલુરુ જેવાં રાજ્યો અને ડુંગરપુર સહિત અલગ-અલગ જગ્યાએ સર્ચ-ઓપરેશન કરી સમગ્ર નેટવર્ક ઝડપી પાડ્યું છે.

સાયબર ક્રાઈમની ટીમે આ ઠગાઈ કેસમાં ઉપયોગમાં લેવાયેલા બેંક એકાઉન્ટના હોલ્ડર પહેલો ભાવેશ સુથારની ધરપકડ કરીને પૂછપરછ કરતાં વડોદરાનું નેટવર્ક ખૂલ્યું છે. એ બાદ ૨ આરોપીની ધરપકડ કરી પૂછતાં તેઓ બેંક એકાઉન્ટ અન્ય લોકોના ભાડે લઈને તેમને કમિશન આપતા હતા. પ્રવીણ પંચાલની ધરપકડ કરતાં નવી દિલ્હીના સેફ હૈદર ઉર્ફે સેમ સિદ્દીકીનું નામ ખૂલ્યું હતું. સાયબર ક્રાઈમની ટીમે દિલ્હીમાં રેડ કરી તપાસ કરતાં તાઈવાન નાગરિકો દ્વારા ઠગાઈનું આંતરરાષ્ટ્રીય નેટવર્ક ચલાવવામાં આવતું હોવાનું પર્દાફાશ થયો હતો. એ બાદ સાયબર ક્રાઈમે વડોદરા, દિલ્હી, મુંબઈ અને બેંગલોરમાંથી ચાર ડાર્કરૂમ ઝડપ્યા છે. જે સિસ્ટમ ડેવલપ કરનાર મુખ્ય આરોપી તાઈવાનનો મુચી સંગ ઉર્ફે માર્ક હોવાનું ખૂલ્યું છે, જેની દિલ્હીની તાજ હોટલમાંથી ધરપકડ કરી છે.

આ આંતરરાષ્ટ્રીય ગેંગ દ્વારા અલગ-અલગ ટાસ્ક આપી લોકો સાથે છેતરપિંડી આચરતા હતા. જોકે પકડાયેલા તાઈવાનના આરોપી ભાડેથી મેળવેલા બેંક એકાઉન્ટ અને મોબાઈલ દ્વારા ઊભા કરવામાં આવેલા ડાર્કરૂમ ઓપરેટ કરતા હતા. આ બેંક એકાઉન્ટમાં અલગ-અલગ ફ્રોડ સ્કીમથી આવેલાં નાણાંને બીટ કોઈનમાં કન્વર્ટ કરતા હોવાનું તેમજ મની લોન્ડિંગ માટે ઉપયોગ કરતા હોવાનું સામે આવ્યું છે. આ આરોપીએનું દરરોજનું ૧.૫થી ૨ કરોડ રૂપિયાનું ઠગાઈનું ટર્નઓવર હોવાનું ખૂલ્યું છે. જોકે આ ઠગાઈનું નેટવર્ક વધારીને ટર્નઓવર ૧૦ કરોડ કરવાનો ટાર્ગેટ તાઈવાનની ઠગ ટોળકીનો હતો, જેના માટે તાઈવાન નાગરિકો બેંગલુરુમાં પોતાની ગેંગ સાથે મિટિંગ કરવા સ્પેશિયલ આવ્યા હતા.

તાઈવાનનો મુખ્ય આરોપી મુચી સંગ સહિત ટોળકી દ્વારા ભારતમાં ઠગાઈનું નેટવર્ક ઊભું કરવા માટે ચાર વર્ષ સુધી રિસર્ચ કર્યું હતું. આ ઠગ ટોળકી વિરુદ્ધ ગઈછઈ પોર્ટલમાં ૪૫૦થી વધુ ફરિયાદો થયેલી છે, સાથે જ છેલ્લાં ઘણાં વર્ષોથી આ ટોળકીનો એક હજારથી વધુ લોકો ભોગ બન્યા હોવાની આશંકા સાયબર ક્રાઈમે વ્યક્ત કરી છે.

# મોરબીમાંથી ૩ તોડબાજ પત્રકાર ઝડપાયા

મોરબી, તા. ૧૫ઃ મોરબીમાંથી પત્રકારના નામે તોડબાજી કરતા ૩ શખ્સો ઝડપાયા છે. મોરબી બી ડીવીઝન પોલીસ મથકમાં ગત ૫ ઓગસ્ટથી ૪ સપ્ટેમ્બર દરમિયાન ત્રાજપર ચોકડી ખાતે આવેલા પેટ્રોલ પંપના સંચાલક અને ફરિયાદી કૃષિતભાઈ સુવાગીયાએ આ ત્રણ તોડબાજ પત્રકાર સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદમાં તેમણે જણાવ્યું હતું કે, જયદેવ બુદ્ધભટ્ટી નામના આરોપીએ પેટ્રોલ પંપ પર ડીજીટલ પેમેન્ટ ચાલતુ ન હોવાની ખોટી વાર્તા ઉભી કરીને બોલાચાલી કરી હતી, જ્યારે મયુર બુદ્ધભટ્ટી અને રાધેશ બુદ્ધભટ્ટી નામના આરોપીઓએ આ અગાઉ મીડિયાનું આઈ કાર્ડ રીન્યુ કરવાના બહાને તેમની પાસેથી




૩ હજાર રૂપિયા પડાવ્યા હતાં.

આરોપી જયદેવે પોલીસમાં કરેલ અરજી અને મોબાઈલમાં બનાવેલ વીડિયો ડીલીટ કરવા બાબતે ફરિયાદી કૃષિત ભાઈ અને તેમના પિતા સિહત પાર્ટનર પાસેથી રૂ. ૫૦ હજારની માંગણી કરી હતી. આ અંગેની ફરિયાદના આધારે પોલીસે આરોપી રાધેશ કિશન બુદ્ધભટ્ટી, જયદેવ કિશન બુદ્ધભટ્ટી અને મયુર કિશન બુદ્ધભટ્ટી નામના ત્રણ તોડબાજ પત્રકારોને ઝડપી લઈને કોર્ટમાં રજુ કરતા કોર્ટે તેમના બે દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા. આ તોડબાજ પત્રકારોને ઝડપી લઈને પોલીસે સઘન પૂછપરછ કરી હતી, જે દરમિયાન કેટલાંક ચોંકાવનારા ખુલાસા થયાં છે. આરોપીએ પત્રકાર હોવાનો દાવો કરી પબ્લિકમાં પત્રકાર તરીકેના આઈ કાર્ડ વહેંચી પૈસા પડાવ્યા હોવાનું પણ ખુલ્યું છે. વર્ષ ૨૦૧૩ થી અત્યાર સુધીમાં આ તોડબાજોએ આશરે ૬૦૦ જેટલા પ્રેસના આઈ કાર્ડની વહેંચણી કરી છે. જેમાં પોતે પત્રકાર ના હોવા છતાં આઈ કાર્ડ ધારક ટોલટેક્ષ બચાવવા અને વીવીઆઈપી સુવિધા મેળવવા તેમજ સર્કીટ હાઉસમાં સુવિધા મેળવવા માટે એક આઈ કાર્ડના રૂપિયા ૩૦૦૦ થી ૮૦૦૦ મેળવતા હોવાનું જણાઈ આવ્યું છે.

## ખેડામાં નરાધમ પાડોશી દ્વારા ચાર દીકરીઓ પર દુષ્કર્મઃ પોલીસે કરી ધરપકડ



ખેડા, તા. ૧૫ઃ ખેડા જીલ્લાના માતર તાલુકાના વસો ગામમાં હવસખોર વિકૃત માનસિકતા ધરાવતા ચંન્દ્રકાંત પટેલ નામના શખ્સે તેમના જ પડોશમાં રહેતી ચાર માસુમ બાળકી પર દુષ્કર્મ આચર્યુ હતું. ત્રણથી ચાર દીકરીઓ સાથે દુષ્કર્મ આચર્યાની ઘટનાનો પર્દાફાશ થતાં જ સનસનાટી મચી ગઈ છે. દુષ્કર્મની ઘટના પ્રકાશમાં આવતાં ખેડા જિલ્લા પોલીસ અને એલસીબી સહિતની ટીમો દોડતી થઇ ગઇ છે. વિકૃત માનસિકતા ધરાવતા ૫૬ વર્ષીય શખ્સે ટેના જ પડોશમાં રહેતી ૮ થી ૧૧ વર્ષની ત્રણથી ચાર બાળકીઓ સાથે દુષ્કર્મ આચર્યું હતું. આ નરાધમે એક બાળકીનો અશ્લીલ વિડિઓ પણ તેના મોબાઈલ ફોનમાં રેકોર્ડ કર્યા હોવાની વિગતો ખૂલી છે. હાલ પોલિસે આરોપીનો મોબાઈલ જપ્ત કરી વધુ પોકસો સહિતની કલમો લગાવીને વધુ તપાસ હાથ ધરી છે. દુષ્કર્મની ઘટના પ્રકાશમાં આવતાં ખેડા જિલ્લા પોલીસ અને એલસીબી સહિતની ટીમો દોડતી થઇ ગઇ છે.

## પ્રકૃતિપ્રેમી મિત્રોએ કરી નવી પહેલઃ નવરાત્રીમાં સ્થાપિત થયેલ માતાજીના ગરબા બન્યા પક્ષીઓ માટે ઘર

### ગરબા સાફ કરી તેમાંથી પક્ષીઓના માળા બનાવ્યા છે

કચ્છઃ નવરાત્રીના નવલા નોરતા દરમિયાન માઈભકતો પોતાના ઘરે માટીના ગરબાની સ્થાપના કરે છે અને ત્યારબાદ નવરાત્રીના નોરતા પૂર્ણ થાય છે. અંતે આ ગરબા તળાવમાં વિસર્જન કરવાની પ્રથા ચાલતી આવી છે. વર્ષોથી ચાલી આવતી આ પરંપરામાં એક નાનકડો ફેરફાર થયો છે. જ્યાં તળાવમાં વિસર્જન કરાયેલા આ ગરબાઓનો કચ્છના યુવાનોએ સદુપયોગ કર્યો છે. તેમણે તળાવમાંથી ગરબા બહાર નિકાળી સાફ કરી અને તેમાં પક્ષીઓના માળા બનાવવાની કામગીરી કરી છે.

પ્રકૃતિપ્રેમી મિત્રોએ કરી નવી પહેલઃ માંડવી તાલુકાના રાયણ ગામના લક્ષ્મણ ગઢવી, વિશાલ ગઢવી, ભરત ગઢવીએ નવરાત્રીના તહેવારને પર્યાવરણ



મિત્ર બનાવવા માટે એક નવી પહેલ કરી છે. જેમાં નવરાત્રી બાદ તળાવમાં વળાવવામાં આવેલ ગરબાઓને માળામાં ફેરવી ઝાડ પર બાંધવામાં આવ્યા છે. આ પહેલથી ગામના યુવાનોએ ન માત્ર પર્યાવરણનું જતન કર્યું છે પરંતુ પક્ષીઓને પણ નવું ઘર આપ્યું છે.

આ મુદ્દે પ્રકૃતિપ્રેમી લક્ષ્મણ ગઢવીએ જણાવ્યું હતું કે, તેમણે તેમના મિત્ર વિશાલ ગઢવી, ભરત ગઢવી અને અન્ય મિત્રો સાથે મળીને ગામમાં ૧૦ જેટલા વૃક્ષો પર ૫૦ જેટલા ગરબા બાંધીને પક્ષીઓ માટે રહેઠાણ ઉભુ કર્યું છે.

અહીં ઉલ્લેખનીય છે કે, જો બધા લોકો આ રીતે ગરબામાં પક્ષીઓ માટે માળા બનાવવાની પહેલ અપનાવે તો લાખો પક્ષીઓને રહેવા માટે ઘર મળી રહેશે. આ ઉપરાંત ગરબામાં કાણા હોવાથી પક્ષીઓ માટે એર સર્ક્યુલેશન પણ મળી રહેશે. સાથે સાથે જેવી રીતે પક્ષીઓ દ્વારા બનાવેલા કુદરતી માળા હોય છે તેવી જ રીતે આ માળામાં પક્ષીઓને પોતે બનાવેલ ઘરનો અહેસાસ થશે.

## રાજ્યમાં આજથી ભાજપ સક્રિય સભ્ય નોંધવાનું શરૂ કરશે

# ગુજરાતમાં ૨ કરોડ સભ્યો લક્ષ્યાંક સામે હજુ ૯૫ લાખ બન્યાઃ રાજકોટ ટાર્ગેટથી પણ આગળ

**આજથી પ્રાથમિક સભ્યો બનાવવાની મર્યાદા પુરીઃ સક્રિય સભ્ય નોંધણી ઝુંબેશ શરૂ થશે, સાથોસાથ પ્રાથમિક સભ્યો પણ બનાવવાનું ચાલુ રાખવા સુચનાઃ કોંગ્રેસમાંથી વ્યાપક ભરતીમેળા છતાં પણ પ્રાથમિક સભ્ય બનાવવામાં ગુજરાત ભાજપના પગે પાણી આવ્યાઃ સૌરાષ્ટ્રમાં જો કે સારો દેખાવઃ 30 થી ૩૫ લાખ સભ્યો બની ગયાઃ આદિવાસી વિસ્તારોમાં ભાજપને સભ્યો મળતા નથી**

**ભાનુબેન રાજ્યમાં નં.૧, દેશમાં બીજા સ્થાને ઉદય કાનગડ અને દર્શિતાબેનએ પણ લક્ષ્યાંક પુરો કર્યોઃ ટીલાળા હજુ પાછળ**

રાજકોટ, તા.૧૪

ગુજરાત સહિત દેશભરમાં ભાજપની સદસ્યતા ઝુંબેશમાં ૧૫ ઓક્ટોબરની ડેડલાઈન હવે ૨૪ કલાક જ આગળ છે તે સમયે ગુજરાતમાં બે કરોડ નવા સભ્યો બનાવવાની ટાર્ગેટ સામે અત્યાર સુધીમાં ફક્ત ૯૫ લાખ જ સભ્યો બનતા સભ્ય નોંધણી ઝુંબેશની સમય મર્યાદા વધારવામાં આવે તેવી શક્યતા છે.

જો કે તા.૧૫ બાદ એક માસ સુધી ભાજપને હવે પ્રાથમિક સભ્યમાંથી સક્રિય સભ્ય નોંધણી ઝુંબેશ શરુ કરવાની છે અને પક્ષમાં હોદા માટે ૧૦૦ સક્રિય સભ્ય નોંધાય તે જ માન્ય ગણાશે અને તેથી જ હાલ જે સંગઠન અને ધારાસભ્યો અને સાંસદોએ પોતાના ટાર્ગેટ પુરા કર્યા છે.

તેઓ હવે આવતીકાલથી સક્રિય સભ્ય નોંધણી ઝુંબેશ શરુ કરશે. પરંતુ તેની સાથોસાથ જે શહેર તાલુકા અને જિલ્લામાં ટાર્ગેટ પુરા થયા નથી તેઓને પ્રાથમીક સભ્ય અને સક્રિય સભ્ય બન્નેની નોંધણી પ્રક્રિયા એક સાથે શરુ કરવી પડશે.

ગુજરાતમાં ભાજપ 30 વર્ષથી સત્તામાં હોવા છતાં જે રીતે દોઢ માસ પછી પણ ૯૫ લાખ સભ્યો બનાવી શક્યું છે તેથી મોવડી મંડળ ભારે નારાજ હોવાનો સંકેત છે. હાલમાં પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે ભારે નારાજગી વ્યક્ત કરી હતી. જો કે રાજકોટ શહેરએ રંગ રાખ્યો છે અને કુલ ૪.૪૪ લાખ સભ્ય નોંધણીના ટાર્ગેટ સામે ૪.૮૮ લાખ સભ્યો નોંધી દીધા છે અને હજુ આગામી થોડા દિવસોમાં હજુ વધુ સભ્ય નોંધણી નોંધાશે. રાજકોટના ધારાસભ્યોમાં ગ્રામ્ય વિસ્તારના એમએલએ તથા કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયાએ ૧,૪૪,૭૦૦ સભ્યો નોંધીને ગુજરાતમાં નંબર-૧ અને દેશમાં નંબર-૨ સ્થાન મેળવ્યું છે. રાજકોટ-૬૮ના ધારાસભ્ય ઉદય કાનગડે ૧.૧૧ લાખના લક્ષ્યાંક સામે ૧.૨૬ લાખ સભ્યો બનાવી દીધા છે. જ્યારે રાજકોટ-૬૯ના ધારાસભ્ય દર્શિતાબેને ૧.૨૬ લાખ સભ્યો બનાવ્યા છે. રાજકોટ-૭૦ના ધારાસભ્ય રમેશભાઇ ટીલાળા જો કે સૌથી પાછળ છે અને હજુ સુધી ૯૫ હજાર સભ્યો નોંધી શક્યા છે. સુત્રોના જણાવ્યા મુજબ રાજકોટમાં હવે સક્રિય સભ્ય નોંધણી ઝુંબેશ શરુ થશે અને તે પણ સમયગાળામાં પુરી કરવાની તૈયારી છે. સૌરાષ્ટ્રમાં પણ મોટાભાગના જિલ્લાઓમાં ટાર્ગેટ પુરો કરાયો છે અને 30 થી ૩૫ લાખ સભ્યો નોંધાઇ ગયાનું ખુલ્યું છે. જો કે ગુજરાત સાઇડમાં અમદાવાદ સિવાય અન્ય જિલ્લાઓમાં સભ્ય નોંધણી ઝુંબેશમાં ટાર્ગેટથી પાછળ તમામ ચાલી રહ્યા છે. ખાસ કરીને આદિવાસી ક્ષેત્રમાં ભાજપને મુશ્કેલી પડી હોવાનો સંકેત છે. કોંગ્રેસમાંથી ચાર-પાંચ ડઝન અગ્રણીઓને જેમાં ધારાસભ્યો પણ સામેલ છે તેને પણ ખેડવ્યા બાદ ભાજપ તેનો ટાર્ગેટ પુરો કરી શકતી નથી તે પણ પક્ષમાં ચર્ચામાં છે.એક સમયે ગુજરાત ભાજપના પાવર હાઉસ ગણાતા રાજકોટ શહેર ભાજપે તેનો ૪.૪૪ લાખ સભ્યો બનાવવાનો લક્ષાંક પુરો કરી દીધો છે અને ત્રણ ધારાસભ્યોએ તેમના ટાર્ગેટથી પણ વધુ સભ્યો બનાવ્યા છે. જેમાં કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયાએ ૧.૧૧ લાખના લક્ષ્યાંક સામે ૧.૪૪ લાખ સભ્યો બનાવી લીધા છે. જ્યારે રાજકોટ-૬૮ના ધારાસભ્ય ઉદયભાઇ કાનગડએ પણ ૧.૨૬ લાખ સભ્યો બનાવીને ટાર્ગેટને પાર પાડી દીધો છે અને આગળ નીકળી ગયા છે. જ્યારે રાજકોટ-૬૯ના દર્શિતાબેન શાહએ પણ જોર લગાવીને ૧.૨૬ લાખ સભ્યો બનાવ્યા છે. ફક્ત રાજકોટ-૭૦ના રમેશ ટીલાળા હજુ પાછળ છે અને ૯૫ હજાર સભ્યો બનાવી શક્યા છે.



# ફેરિયા પાસેથી ખરીદી કરી ઉજાસની જ્યોત ફેલાવીએ : ઈન્દ્રભારતીબાપુ

## લોકોને દિવાળીની ખરીદી ફેરિયા–નાના ધંધાર્થી પાસેથી કરવા અપીલ

નવ દિવસ સુધી માતાજીની ભક્તિભાવે આરાધના કરી નવરાત્રિ પર્વની આસ્થાભેર ઉજવણી કરી. ત્યારે હવે દીપાવલી પર્વના વધામણાં કરવા માટે સૌ કોઈએ તૈયારી કરી લીધી છે. દિવાળી પર્વ એ અંધકારથી ઉજાસ તરફ લઈ જતો પર્વ છે. દિવાળીમાં ઘરે ઘરે દીવડાં પ્રગટે છે. આ પર્વની ઉજવણીમાં આપણી ભારતીય સંસ્કૃતિના પણ દર્શન થાય છે. દિવાળી પર્વ ઉજાસનું પર્વ પણ છે. ત્યારે આ તહેવારની ઉજવણીમાં આપણી એક પહેલથી અન્ય લોકોના જીવનમાં પણ ઉજાસ પથરાય તેવા પ્રયાસો કરવા આપણી નૈતિક ફરજ છે. દિવાળીમાં નાના ફેરિયા કે રોજે-રોજનું કમાતા નાના ધંધાર્થીઓ પાસેથી ચીજવસ્તુની ખરીદી કરીને તેના જીવનમાં અજવાસ પાથરીએ. તેમ રત્નેશ્વર જાગીર ભારતી આશ્રમના મહંત ઈન્દ્રભારતીબાપુએ જણાવ્યું છે.

શ્રી પંચ દશનામ જૂના અખાડાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ ઈન્દ્રભારતીબાપુએ વધુમાં જણાવ્યું છે કે, રાજકોટ, સૌરાષ્ટ્ર સહિત આખા ગુજરાતમાં નાના ફેરિયાઓ કે જે હાથ બનાવટથી દીવડાં, તેમજ ઘર-મંદિરને ડેકોરેશન કરતી શણગારની અનેક ચીજવસ્તુઓ વેચીને આવક મેળવશે. આ આવકમાંથી પોતાના નાનકડા બાળકો અને પરિવાર સાથે દિવાળી પર્વની ઉજવણી કરશે. નાના ફેરિયાઓ પાસે આપણે જ્યારે ખરીદી કરીએ ત્યારે માત્ર આપણે તેની પાસેથી માત્ર ચીજવસ્તુ જ નથી લેતા. તેઓની સાથે આનંદ અને લાગણીની પણ આપ-લે કરીએ છીએ. તેની પાસેથી આ વસ્તુ ખરીદતી વેળાએ તેને કંઈક મેળવ્યાની ખુશી તો આપણને કંઈક આપ્યાની ખુશી અનુભવાઈ છે. તેઓની પાસે આ ચીજવસ્તુની ખરીદી સમયે ખુશી - લાગણીની પણ આપ-લે થાય છે તેનો આનંદ અલગ જ હોય છે. આ લાગણી મોલ-ઓનલાઈન શોપિંગમાં નથી મળતી.

# સોખડાબાદ મઘરવાડા અને સાઈપરની સરકારી શાળાના વધુ બે શિક્ષકો સસ્પેન્ડ

### ફરજમાં બેદરકારી દાખવ્યાનું ખુલતાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા કડક પગલા પ્રકરણ શિક્ષણ જગતમાં ચર્ચાના એરણે

રાજકોટ, તા.૧૫

રાજકોટ તાલુકાના સોખડાની સરકારી પ્રાથમિક શાળાના આચાર્ય બાદ મઘરવાડા અને સાઈપરની શાળાના બે શિક્ષકોને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા સસ્પેન્ડ કરી નાંખવામાં આવેલ છે. જેના પગલે આ પ્રકરણ શિક્ષણ જગતમાં ચર્ચાના એરણે ચડેલ છે.

ચર્ચાતી વિગતો મુજબ સોખડાની સરકારી પ્રાથમિક શાળામાં છેલ્લા લાંબા સમયથી આચાર્ય અને શિક્ષકો વચ્ચે છેલ્લા લાંબા સમયથી વિવાદ ચાલતો હતો. આ દરમ્યાન આચાર્ય ઉષાબેન ચાવડા દ્વારા ધમકી અપાતા આ શાળાના અન્ય પાંચ શિક્ષકો પોલીસ સ્ટેશને દોડી ગયા હતા. તેમજ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દિક્ષિત પટેલને પણ આ બાબતે




રજુઆત કરી હતી. આચાર્ય અને શિક્ષકોના આ વિવાદને લઈને વિદ્યાર્થીઓના શિક્ષણ પર અસર થતી હોય. આ અંગે પ્રાથમિક શિક્ષણાધિકારી તપાસ સમિતિની રચના કરવામાં આવી હતી. જેના રિપોર્ટ બાદ પ્રાથમિક શિક્ષણાધિકારી પટેલ દ્વારા આ શાળાના આચાર્ય ઉષાબેન ચાવડાને સસ્પેન્ડ કરી તેમનું હેડ ક્વાર્ટર ગોંડલ તાલુકાના વેકરી ગયાની શાળામાં નિયત કરી દેવાયું હતું.

જે બાદ મઘરવાડા ગામની સરકારી શાળાના આચાર્ય દિપક વાછાણી પણ વિદ્યાર્થીઓ કારવોશ સહિતના કામ કરાવતા હોવાની ઉઠેલી ફરિયાદ તેઓને પણ સસ્પેન્ડ કરી નાંખવામાં આવેલ હોવાનું જાણવા મળ્યું છે. તેની સાથોસાથ સાઈપર ગામની સરકારી શાળાના શિક્ષક દિલીપ પંચાલને પણ સસ્પેન્ડ કરી નાંખવામાં આવેલ હોવાની વિગતો મળે છે. સાઈપરની શાળામાં પાણીની પાઈપ લાઈન તુટી ગયેલ હોય. તેના મરામત કામ માટે ખાડો ખોદવામાં આવેલ હોય. જેમાં પ્લાસ્ટીક પાઈપ લાઈનના મરામત કામ માટે સેનેટાઈઝટ છાંટી તાપ કરવામાં આવેલ આ દરમ્યાન દિલીપ પંચાલ અને તેમની બાજુમાં બેઠેલ વિદ્યાથી દાઝી જતાં બેદરકારી દાખવવા બદલ દીલીપ પંચાલને પણ સસ્પેન્ડ કરી નંખાયા હોવાનું જાણવા મળ્યું છે.

### શહેર ભાજપ કમલમ કાર્યાલય ખાતે

# સક્રિય સદસ્યતાના પ્રભારી હસમુખભાઈ હિંડોચાની ઉપસ્થિતિમાં રાજકોટ મહાનગરની વર્કશોપ યોજાયો



રાજકોટ,તા.૧૫

ભારતીય જનતા પાર્ટી દ્વારા હાલ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૨૪ માં સદસ્યતા અભિયાનનું આયોજન કરવામાં આવેલ, પાર્ટી માટે સદસ્યતા અભિયાન એ માત્ર જનસંપર્ક અભિયાન નથી, આ અભિયાનને વધુમાં વધુ લોકોને પાર્ટીની વિચારધારામાં જોડાવવાનો છે. પ્રદેશ યોજના અનુસાર વધુને વધુ સદસ્ય બનાવી દેશના નાગરિકોને ભાજપ પક્ષમાં જોડાવા તથા પક્ષના માળખાને મજબુત બનાવવા માટે શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીએ રાજકોટ મહાનગરના તેમજ વોર્ડના સક્રિય સભ્યોની નિમણુંક કરવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે. જે અંતર્ગત સક્રિય સભ્યોની સદસ્યતા વર્કશોપનું આયોજન રાજકોટ શહેર મહાનગર કમલમ કાર્યાલય ખાતે આયોજન સક્રિય સભ્ય સદસ્યતાના પ્રભારી હસમુખભાઈ હિંડોચા તેમજ સક્રિય સભ્ય સદસ્યતા સહયોગી જે.કે ચાવડાની ઉપસ્થિતિમાં સક્રિય સદસ્યતા વર્કશોપ યોજાયો હતો. આ વર્કશોપમાં સક્રિય સભ્યો બનાવવા અંગે તેઓએ માર્ગદર્શન પૂરૂ પાડેલ હતું આ તકે તેમણે જણાવેલ હતું કે ભારતીય જનતા પાર્ટીના જે કાર્યકર્તાએ તેમના વિધાનસભા ક્ષેત્રમાંથી ઓછામાં ઓછા ૧૦૦ પોતાના સહિત પ્રાથમિક સભ્ય બનાવેલા હશે તે જ સક્રિય સભ્ય બની શકશે. આ સક્રિય સદસ્યતા અંતર્ગત જુના સક્રિય સભ્યોને ખાસ જોડવા, કોઈ કાર્યકર્તાને ચુંટણી લડવી કે પક્ષમાં કાયમી નવી જવાબદારી લેવી હોય તેમણે ફરજિયાત સક્રિય સભ્ય બનવાનું રહેશે, ચુંટાયેલા પ્રતિનિધિએ ફરજીયાત સક્રિય સભ્ય બનવાનું રહેશે.ભાજપ પક્ષમાં કોઈ કાર્યકર્તા રહી ન જાય અને ખોટા કોઈ આવી ન જાય તેનું ખાસ ધ્યાન રાખવા જણાવાયું હતું.

# વેરાવળ-રાજકોટ પેસેન્જર ટ્રેન ૨૨ ઓકટોબર સુધી વેરાવળ સ્ટેશનથી ૧ કલાક ૧૫ મિનિટ મોડી ઉપડશે



રાજકોટ,તા.૧૫

રાજકોટ ડિવિઝન ના રાજકોટ-ભક્તિનગર સેક્શનમાં એન્જિનિયરિંગના કામ માટે આજ થી ૨૨.૧૦ દરમિયાન લેવામાં આવતા બ્લોકને લીધે વેરાવળ સ્ટેશનથી ઉપડનારી ટ્રેન નંબર ૦૯૫૧૪ વેરાવળ-રાજકોટ પેસેન્જર ટ્રેનનું સમયપત્રક રિશિડ્યુલ કરવામાં આવ્યું છે. આ ટ્રેન વેરાવળ સ્ટેશનથી તેના નિર્ધારિત સમય ૧૭ ના બદલે ૦૧ કલાક ૧૫ મિનિટ મોડી એટલે કે ૧૮.૧૫ વાગ્યે ઉપડશે. બ્લોકને કારણે ઉપરોક્ત ટ્રેન ૧૫.૧૦ થી ૨૨.૧૦ સુધી રિશિડ્યુલ સમય મુજબ ચાલશે. રૂટ પરના અન્ય સ્ટેશનો પર ટ્રેનના સમયમાં ફેરફાર થશે. વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને વેબસાઈટ ની મુલાકાત લઈ શકે છે.

# ગોંડલ ખાતે વિકાસ સપ્તાહ અંતર્ગત ધરોહર સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો




### શાસ્ત્રીય સંગીત અને નૃત્યની કૃતિઓએ લોકોને મંત્રમુગ્ધ કર્યા

રાજકોટ તા.૧૫

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સમગ્ર રાષ્ટ્રમા સતત વિકાસ થઈ રહ્યો છે. ત્યારે ૨૩ વર્ષના તેમના સફળ અને સક્ષમ નેતૃત્વની ઉજવણીના હેતુસર વિકાસ સપ્તાહ અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. વિકાસ સપ્તાહ હેઠળ સંગીત નાટક અકાદમી તથા જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિની કચેરી દ્વારા ગોંડલ ખાતે ''ધરોહર સાંસ્કૃતિક કાર્યક્રમ''નું આયોજન કરવામાં આવ્યું હતું. ધરોહર સાંસ્કૃતિક કાર્યક્રમમાં શાસ્ત્રીય સંગીત ગાયન અને વાદનની વિશિષ્ટ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી, સાથે જ વિવિધ પારંપરિક નૃત્ય રજૂ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં સિતાર અને તબલાની વિશેષ રજૂઆતે લોકોને મંત્રમુગ્ધ કર્યા હતા.અત્રે ઉલ્લેખનીય છે કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્રમા આંતરમાળખાકીય વ્યવસ્થાઓને સુદ્રઢ બનાવી વિદેશ સમકક્ષ સુવિધાઓ જનતાને પૂરી પાડી છે. આરોગ્ય, શિક્ષણ ક્ષેત્રે વિવિધ યોજનાઓ દ્વારા લોકોના વિકાસ માટેના પાયા મજબૂત કર્યા છે.

# રાજકોટ જીલ્લા નારી સુરક્ષા સમિતિના સરકાર પર આકરા પ્રહાર

## રાજ્યમાં બાળકીઓ અને સગીરા પર દુષ્કર્મની ઘટના ચિંતાજનક

રાજકોટ, તા. ૧૫

જિલ્લા નારી સુરક્ષા સમિતિ (રાજકોટ) ના પ્રમુખ હેમાબેન કક્કડ, એડવોકેટ ભાવનાબેન વાઘેલા, સરલાબેન પાટડીયા, સોની ભાવનાબેન જોગીયા, પારુલબેન સિધ્ધપુરા, સરલાબેન પાટડીયા, પ્રફુલાબેન ચૌહાણ, નિશાબેન સોલંકી, કૈલાશબેન વાઘેલા, જસુબા વાંક જણાવે છે કે ભય, ભૂખ અને ભ્રષ્ટાચાર મુક્ત શાસનનો કોલ આપી શાસનની ધુરા સંભાળનાર ભાજપના રાજમાં દુષ્કર્મ, રોડ રોમિયો, હત્યા, અપહરણ, છેડતી, દહેજ, આપઘાત, ઘરેલુ હિંસા, શોષણ, સાયબર ક્રાઈમ ને લગતા ગુનાઓ નું પ્રમાણ વધી રહ્યું છે.રાજ્યમાં ૧૫ દિવસમાં ૧૦ દુષ્કર્મની ઘટનાઓ બની છે તે ગુજરાત સલામત




હોવાનો દાવો છે. બેટી બચાવો, બેટી પઢાવો અને સ્ત્રી સશક્તિકરણ અને નારી સુરક્ષાની વાતો વચ્ચે દીકરીઓની કે સગીરાઓની સલામતીના બણગાં ફૂંકનારા રાજ્યના ગૃહ મંત્રીના વિસ્તારમાં પણ આ પ્રકારની ઘટનાઓ બની છે. ગાંધીના ગુજરાતમાં ગુનાખોરીનો ગ્રાફ સતત વધતો જાય છે. નરાધમો અને હવસખોરો બેકાબુ અને બેખૌફ બન્યા છે.

દાહોદ, સુરત, ભુજ, વડોદરા, ધાંગધ્રા, મહેસાણા, બોરસદ માં દુષ્કર્મ અને હત્યાઓની જે ઘટનાઓ બની છે તે સમાજ માટે લાલબત્તી સમાન છે અને સરકાર માટે શરમજનક બાબત છે. દેશભરમાં મહિલા અત્યાચારમાં દર વર્ષે ૪.૫ લાખથી વધુ અને રાજ્યભરમાં દર વર્ષે ૮૮૦૦ થી વધુ ગુનાઓ નોંધાયા છે.સલામત ગુજરાતમાં શરમથી માથું ઝૂકી જાય એ પ્રકારે પાંચ વર્ષમાં ૬૪૧૬ દુષ્કર્મ અને ૮૨ સામુહિક દુષ્કર્મની ઘટનાઓ બની છે. ગુજરાતમાં છેલ્લા ત્રણેક વર્ષમાં સિનિયર સિટીઝન ઉપર ૧૦ જેટલા વૃદ્ધા પર દુષ્કર્મ આચરવામાં આવ્યા છે. રાજ્યની મહિલાઓ અને ગુજરાતની જનતાએ ભાજપને ખો-ખોબે મતો આપી ૧૫૬ ની સરકાર બનાવી તેમ છતાં આ પ્રકારની ઘટના બને તે નીંદણી અને સરકાર માટે પડકાર જનક છે.

# રાજકોટની ૨૩ વર્ષની વિકાસ યાત્રા અંગે ચર્ચા કલેક્ટર દ્વારા સોશ્યલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સ સાથે બેઠક

## અત્યાધુનિક સુવિધા ઓવરબ્રિજ, મેડીકલ કોલેજ આવાસ યોજના સહિતના પ્રોજેકટો અંગે ચર્ચા

રાજકોટ,તા.૧૫

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સુ-શાસનના ૨૩ વર્ષની ઉજવણીના ભાગરૂપે દેશભરમાં વિકાસ સપ્તાહ ઉજવાઈ રહ્યું છે, ત્યારે ગુજરાત રાજ્યમાં થયેલ ૨૩ વર્ષની વિકાસ ગાથા અંગે કલેક્ટર શ્રી પ્રભવ જોશીએ સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર સાથે બેઠક યોજી ચર્ચા વિચારણા કરી હતી.

દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૧ માં ૦૭ ઓક્ટોબરના રોજ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે પદભાર સંભાળ્યા બાદ આજ દિન સુધી વિકાસની યાત્રામાં થયેલ અનેક વિકાસ કાર્યો અંગેની વિકાસગાથા જન-જન સુધી પહોંચાડવા સમગ્ર રાજ્યમાં વિકાસ સપ્તાહ યોજાઈ રહ્યું છે. ત્યારે રાજકોટ જિલ્લા સહિત સમગ્ર ગુજરાતની વિકાસ ગાથા અંગે ચર્ચા વિચારણા માટે કલેક્ટરશ્રી પ્રભવ જોશીએ સોશિયલ મીડિયામાં



એક્ટિવ એવા સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર આર.જે અજય અને શ્રી ઉર્વીશ યાજ્ઞિક સાથે સાથે ચર્ચા વિચારણા કરી હતી.

આ ચર્ચાથી છેલ્લા વર્ષોમાં થયેલ ફેરફાર અંગે ઉંડાણપૂર્વક જાણકારી લોકો સુધી પહોંચી છે. અને ૨૩ વર્ષમાં થયેલા વિકાસ અંગે પણ છણાવટ કરવામાં આવી હતી. કલેકટરશ્રી પ્રભવ જોશીની આર.જે અજયસિંહ ચુડાસમા સાથે વાતચીતમાં ૨૩ વર્ષમાં થયેલ પાણીની સમસ્યા, પરિવહન, રોડ - રસ્તા અંગે થયેલ ફેરફારમાં સવિશેષ ચર્ચા કરવામાં આવી હતી.

જ્યારે સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર ઉર્વીશ યાજ્ઞિક સાથે વીજળી, પ્રવાસનમાં થયેલ વિકાસ અંગે સવિશેષ ચર્ચા કરવામાં આવી હતી. આ મુલાકાતમાં છેલ્લા ૨૩ વર્ષમાં વિકાસના અનેક પ્રકલ્પો થકી રાજકોટ જિલ્લામાં વિકાસ કાર્યો થયા જે અંગે વાતચીત કરતા રાજકોટ જિલ્લાને મળેલ અનેક અત્યાધુનિક સુવિધાઓ, ઓવરબ્રિજ અને સુવિધાસભર હાઈવે, પાણી, હેલ્થ રિપોર્ટ, ઈલેક્ટ્રીસીટી, મેડિકલ કોલેજ મધ્યમ વર્ગ માટે પ્રધાનમંત્રી આવાસ યોજના પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત આયુષ્યમાન કાર્ડ સહિત અનેક વિકાસકાર્યો અને યોજનાઓની વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

# જેતપુરમાં લાયસન્સ લીધા વગર ચાલતું ફટાકડાનું ગોડાઉન ઝડપાયું રૂા. ૧.૩૩ લાખનો મુદ્દામાલ જપ્ત

### અગાઉ ઝડપાયેલ ગેરકાયદે ચાલતી ફટાકડાની ફેકટરીના તાર મળે તેવી શક્યતા



રાજકોટ, તા.૧૫

જેતપુરમાં લાયસન્સ લીધા વગર ચાલતું ફટાકડાનું ગોડાઉન ઝડપાયું છે. જેમાંથી ૧.૩૩ લાખના ફટાકડા જપ્ત કરાયા છે. અગાઉ જેતપુરમાંથી ઝડપાયેલ ગેરકાયદે ચાલતી ફટાકડાની ફેકટરીના તાર મળે તેવી શક્યતા છે. આ ગોડાઉન જેતપુરના કલ્પેશ મહેશ ભાગનાણીએ ધોરાજીના હિતેશ છાંટાણી પાસેથી ભાડે રાખ્યું હતું. કલ્પેશ હિતેશનો ભત્રીજો છે.

આ અંગે મળતી વિગત મુજબ, રાજકોટ રૂરલ એસ ઓ જી એ જેતપુર જુનાગઢ રોડ પર જલારામ મંદિર પાછળ આવેલા ગોડાઉનમાં દરોડો પાડયો હતો અને રૂપિયા ૧,૩૩,૪૮૦ ની કિંમતના ફટાકડા કબજે કર્યા હતા.

સ્થળ પર હાજર રમેશ લક્ષ્મીચંદ ભાગવાની (ઉંમર વર્ષ ૫૫ રહે માનવ એપાર્ટમેન્ટ નવી લોહાણા મહાજનની વાડી જેતપુર ની પોલીસે પૂછપરછ કરી હતી. જેમાં તેને જાણવા મળેલ કે, રમેશ અહીં કામ કરે છે. જ્યારે આ ગોડાઉન કલ્પેશે ભાડે રાખેલ છે અને ફટાકડા રાખવા માટેનું કોઈ લાયસન્સ કે સેફ્ટીના સાધનો રાખેલ નથી. જેથી પોલીસે ફટાકડા કબજે કરી અને ગુનો દાખલ કર્યો હતો.

# ગુજરાતની ૫ દૂધ સહકારી સંસ્થાઓ હવે અબજ ડોલરની ક્લબમાં સામેલ

## જીસીએમએમએફએના ત્રણ સભ્ય યુનિયનો બનાસ ડેરી, અમૂલ ડેરી અને સાબર ડેરી પણ અબજ ડોલરની ક્લબમાં જોડાઈ

વડોદરા : ૨૦૦૮ માં ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન જે અમૂલનું માર્કેટિંગ કરે છે, તેને રૂ. ૫૨૫૫ કરોડનાં ટર્નઓવર સાથે ભારતની પ્રથમ બિલિયન-ડોલર મિલ્ક કોઓપરેટિવનો ટેગ મેળવ્યો હતો. દોઢ દાયકા પછી ગુજરાત પાંચ અબજ ડોલરની દૂધ સહકારી સંસ્થાઓનું ઘર બન્યું છે. ભારતની સૌથી મોટી ફૂડ પ્રોડક્ટ માર્કેટિંગ સંસ્થા જીસીએમએમએફએ વર્ષ ૨૦૨૩-૨૪ માં ૫૯૫૪૫ કરોડ રૂપિયાનું ટર્નઓવર કર્યુ હતું.જીસીએમએમએફએના અન્ય ત્રણ સભ્ય યુનિયનો - પાલનપુર સ્થિત બનાસ ડેરી, આણંદ સ્થિત અમૂલ ડેરી અને હિંમતનગર સ્થિત સાબર ડેરી પણ અબજ ડોલરની ક્લબમાં જોડાઈ છે.

બનાસ ડેરીએ ૧૯૦૦૩ કરોડનું ટર્નઓવર નોંધાવ્યું હતું, ભારતની સૌથી જૂની દૂધ સહકારી, અમૂલ બ્રાન્ડની માલિક અમૂલ ડેરીએ ૧૨૯૨૧ કરોડનું ટર્નઓવર નોંધાવ્યું હતું,બીજી તરફ સાબર ડેરીએ ૮૯૩૯ કરોડનું ટર્નઓવર નોંધાવ્યું હતું.

ગાંધીનગર સ્થિત અમૂલફેડ ડેરી, જીસીએમએમએફનું એકમ છે, તેણે પણ ૧૨૯૬૯ કરોડનું ટર્નઓવર નોંધાવ્યું હતું. સાગર બ્રાન્ડની માલિક મહેસાણા સ્થિત દૂધસાગર ડેરી આ સિદ્ધિ હાંસલ કરવાની નજીક છે. વર્ષ ૨૦૨૩-૨૪ માં, મહેસાણા ડેરીએ રૂ. ૭૪૯૫ કરોડનું ટર્નઓવર નોંધાવ્યું હતું. જીસીએમએમએફએના મેનેજિંગ ડિરેક્ટર જયેન મહેતા, આ વૃદ્ધિનો શ્રેય વિસ્તરણ અને વૈવિધ્યકરણને આપે છે.

તેઓએ કહ્યું કે, "અમારા તમામ સભ્ય યુનિયનોએ વિસ્તરણ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે, દૂધ અને દૂધનાં ઉત્પાદનોની પ્રક્રિયા કરવા માટે તેમની ક્ષમતાઓ વધારી છે, મૂલ્યવર્ધિત ઉત્પાદનો રજૂ કર્યા છે, અને ગુજરાતની અંદર અને બહાર સહકારી નેટવર્કને મજબૂત બનાવ્યું છે.

# કેન્દ્રીય અર્ધલશ્કરી - સશસ્ત્ર દળો સહિત લાખો સરકારી કર્મચારીઓને બોનસ

નવી દિલ્હી : કેન્દ્ર સરકારનાં કર્મચારીઓ માટે સારાં સમાચાર છે. સરકારે તેનાં કર્મચારીઓ માટે દિવાળી બોનસની જાહેરાત કરી છે. નાણાં મંત્રાલયનાં ખર્ચ વિભાગે વર્ષ ૨૦૨૩-૨૪ માટે નોન-પ્રોડક્ટિવિટી લિંક્ડ બોનસ આપવાની જાહેરાત કરી છે.

આ અંતર્ગત કેન્દ્રીય કર્મચારીઓનાં ૩૦ દિવસનાં મહેનતાણા સમાન બોનસ આપવામાં આવશે. આદેશમાં કહેવામાં આવ્યું છે કે પાત્ર કર્મચારીઓમાં ગ્રુપ 'સી' અને ગ્રુપ 'બી' નોન-ગેઝેટેડ કર્મચારીઓનો સમાવેશ થાય છે જેઓ કોઈપણ ઉત્પાદકતા સાથે જોડાયેલ બોનસ યોજનાનો ભાગ નથી. બોનસની ગણતરી માટે વપરાતો મહત્તમ માસિક પગાર ૭૦૦૦ રૂપિયા નક્કી કરવામાં આવ્યો છે. બોનસ માટે લાયક બનવા માટે, કર્મચારીઓએ ૩૧ માર્ચ, ૨૦૨૪ સુધીમાં સેવામાં હોવા જોઈએ અને વર્ષ દરમિયાન ઓછામાં ઓછા છ મહિના સતત




સેવા પૂરી કરી હોવી જોઈએ. જે કર્મચારીઓએ આખા વર્ષ કરતાં ઓછા સમય માટે સેવા આપી છે તેઓને કામ કરેલાં મહિનાઓની સંખ્યાના આધારે પ્રમાણસર બોનસ પ્રાપ્ત થશે.

બોનસની રકમની ગણતરી સરેરાશ વેતનને ૩૦.૪ વડે વિભાજીત કરીને, પછી તેને ૩૦ દિવસ વડે ગુણાકાર કરીને કરવામાં આવશે. ઉદાહરણ તરીકે, જો કોઈ કર્મચારીનો માસિક પગાર રૂ. ૭૦૦૦ છે, તો તેમનું બોનસ આશરે રૂ.૬૯૦૮ હશે. સતત ત્રણ વર્ષ સુધી વર્ષમાં ઓછામાં ઓછા ૨૪૦ દિવસ કામ કરતાં કેઝ્યુઅલ મજૂરો પણ આ બોનસ માટે પાત્ર બનશે, જેની ગણતરી દર મહિને રૂ. ૧૨૦૦ના આધારે કરવામાં આવશે.

નાણા મંત્રાલયનાં આદેશમાં કહેવામાં આવ્યું છે કે જે કર્મચારીઓની અસ્થાયી ધોરણે નિમણૂક કરવામાં આવી છે તેમને પણ આ બોનસ મળશે, જો કે તેમની સેવામાં કોઈ વિરામ ન હોવો જોઈએ. આવા કર્મચારીઓ કે જેઓ ૩૧ માર્ચ, ૨૦૨૪ ના રોજ અથવા તે પહેલાં સેવામાંથી બહાર આવ્યાં છે, રાજીનામું આપી ચૂક્યાં છે અથવા નિવૃત્ત થયાં છે, તેમને વિશેષ કેસ તરીકે ગણવામાં આવશે.

આ હેઠળ, જે કર્મચારીઓ અમાન્ય રીતે નિવૃત્ત થયાં છે અથવા તબીબી આધાર પર ૩૧ માર્ચ પહેલાં મૃત્યુ પામ્યાં છે, પરંતુ નાણાકીય વર્ષમાં છ મહિના સુધી નિયમિત ફરજ બજાવી છે, તેમને એડહોક બોનસ માટે પાત્ર ગણવામાં આવશે. આ માટે, બોનસ સંબંધિત કર્મચારીની નિયમિત સેવાઓની નજીકની સંખ્યાના આધારે 'પ્રો રેટા આધારે' નક્કી કરવામાં આવશે.

# નાના શહેરોમાં તહેવારોની સિઝન દરમિયાન પ્રીમિયમ ફોનનું વેચાણ વધ્યું

## પ્રીમિયમ બ્રાન્ડ્સ અને પ્રોડક્ટ્સ પર ભારે ડિસ્કાઉન્ટ દ્વારા નાના શહેરોમાં વેચાણમાં વધારો થયો : એપલના આઈફોન સૌથી વધુ વેચાયાં

નવી દિલ્હીઃ ઉદ્યોગનાં એક્ઝિક્યુટિવ્સ અને માર્કેટ ટ્રેકર્સે જણાવ્યું હતું કે એપલ અને સેમસંગ દ્વારા પ્રીમિયમ હેન્ડસેટ પર ભારે ડિસ્કાઉન્ટે નાના નગરો અને શહેરોમાં વેચાણમાં વધારો કર્યો છે, જે આ તહેવારોની સિઝનમાં અત્યાર સુધીનાં મોટા મેટ્રો સીટીને પણ વટાવી ગયાં છે. કાઉન્ટરપોઈન્ટે જણાવ્યું હતું કે, ૩૦૦૦૦ થી વધુ કિંમતનાં સ્માર્ટફોનનાં વેચાણમાં ટાયર-૨ શહેરોનો હિસ્સો ૭૦-૮૦ ટકા સુધી પહોંચ્યો હતો, જે સામાન્ય રીતે અન્ય સમયગાળા દરમિયાન ૫૦-૬૦ ટકા જેટલો હોય છે.

કાઉન્ટરપોઈન્ટના રિસર્ચ ડિરેક્ટર તરુણ પાઠકે જણાવ્યું હતું કે, "ટાયર-૨ અને તેનાથી આગળ રહેતાં ગ્રાહકો પ્રીમિયમ સ્માર્ટફોન બ્રાન્ડ્સ અને તેમની ફ્લેગશિપ પ્રોડક્ટ્સ રાખવાની



ઉચ્ચ આકાંક્ષાઓ ધરાવે છે, પરંતુ ભાવ એ મોટો અવરોધ હોય છે." પ્રીમિયમ બ્રાન્ડ્સ અને ફ્લેગશિપ પ્રોડક્ટ્સ પર ભારે ડિસ્કાઉન્ટ દ્વારા આવી આકાંક્ષાઓને લોકોએ પુરી કરી હતી. રિસર્ચ ફર્મે નોંધ્યું છે કે સેમસંગ અને એપલના જૂના મોડલ્સનું આ તહેવારોની સિઝનમાં નાના શહેરોમાં સૌથી વધુ વેચાણ થયું છે, કારણ કે ઈકોમર્સ પ્લેટફોર્મ્સે દેશભરમાં તેમની છાપ વધુ ઊંડી બનાવી છે.

રિસર્ચ ફર્મ આઈડીસી ઈન્ડિયાએ નોંધ્યું છે કે ભારતીયો માટે સૌથી મહત્ત્વાકાંક્ષી બ્રાન્ડ્સમાંની એક એપલના આઈફોન છે જેનું લગભગ ૬૦-૬૫ ટકા વેચાણ ફાઈનાન્સિંગ સ્કીમ્સ દ્વારા થઈ રહ્યું છે, જેમાં ૬-૨૪ મહિનાની નો-કોસ્ટ, ઝીરો-ડાઉન પેમેન્ટ ઈન્સ્ટોલમેન્ટ સ્કીમ્સ છે. જે ખરીદદારોમાં સૌથી વધુ લોકપ્રિય છે. જો કે, નીચલા-સ્તરના શહેરોની તુલનામાં ટાયર-૧ અને -૨ શહેરોમાં ધિરાણ વિકલ્પોનો ઉપયોગ વધુ પ્રચલિત છે.આઈડીસીએ જણાવ્યું હતું કે આ વર્ષનાં પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં ચંડીગઢ, પૂણે, ગુરુગ્રામ, જયપુર અને લખનૌ જેવા ટાયર-૨ શહેરોએ આઈફોનના વેચાણમાં ૨૫-૩૦ ટકા યોગદાન આપ્યું છે, જ્યારે ટાયર ૩ શહેરો જેવા કે લુધિયાણા, ઈન્દોર, મેરઠ, આગ્રા, આસનસોલ, અને જોધપુરનો ફાળો ૧૦-૧૫ ટકા છે.

# ખાદ્ય ચીજોનાં ભાવમાં ફૂંફાડોઃ જથ્થાબંધ ફુગાવો ૧.૮૪%ઃ તહેવારો સમયે જ મોંઘવારી

## શાકભાજીનાં ભાવમાં ૪૮૫ થી વધુનો વધારોઃ રીઝર્વ બેન્ક સાચી પડી




નવી દિલ્હી,તા.૧૪

હાલમાં જ રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાએ નવી ધિરાણ નીતિની જાહેરાત સમયે ફુગાવાની ચિંતા વ્યકત કરી હતી અને તે સાચી પડી રહી છે.આજે જાહેર થયેલા જથ્થાબંધ ફુગાવાના દરમાં વધારો થયો છે. અને સપ્ટેમ્બરમાં વધીને ૧.૮૪ ટકા નોંધાઈ છે.

જે ઓગસ્ટ માસમાં ૧.૩૧ ટકા હતી અને ગત વર્ષે ૦.૦૭ ટકા હતી જોકે સૌથી વધુ ચિંતાજનક આયાત ખાદ્ય ફુગાવાની છે જે ઓગસ્ટમાં ૩.૧૧ ટકા હતી તે વધીને ૧૧.૫૩ ટકા નોંધાઈ છે. આમ ખાદ્ય ફુગાવાનો ફુંફાડો મોંઘવારી વધારી અને તેની સીધી અસર આગામી દિવસોમાં ફુગાવા પર પડશે.તહેવારો ટાંકણે જ ફૂગાવામાં આવેલા વધારાથી આમ આદમીના બજેટને મોટી અસર થશે. ખાસ કરીને શાકભાજીમાં ફૂગાવા દર જે ઓગસ્ટમાં ૧૦.૦૧ ટકા ઘટયો હતો તે સપ્ટેમ્બર માસમાં ૪૮.૭૩ ટકા થયો છે. ખાદ્યચીજો ફુગાવાને ભડકાવી રહી છે.

એકંદરે ખાદ્ય ચીજોના ભાવ સપ્ટેમ્બર માસમાં ૯.૪૭ ટકા વધ્યા છે. જથ્થાબંધ ફૂગાવાને ત્રણ ગ્રુપમાં વહેંચી દેવાયા છે.




# ૧ વર્ષમાં સાયબર છેતરપિંડીના ૧.૨૧ લાખ બનાવ, ૬૫૦ કરોડ લૂંટાયા

## ડિજિટલ, ગુજરાતની વાતો વચ્ચે રાજ્ય સરકારનું સર્વર ૧૮મી સદી જેવું, હાલતા–ચાલતા થાય છે ડાઉન!

ડીજીટલ ગુજરાતની મોટી મોટી વાતો કરતી ભાજપ સરકારમાં નાગરીકોને અટકાવવું-લટકાવવું અને ભટકાવવાની નીતિને લીધે લાખો પરિવારો તેમને મળવા પાત્ર લાભોથી વંચિત રહે છે અને મોટાભાગના કિસ્સામાં એજન્ટો દ્વારા લુંટાઈ રહ્યા છે ત્યારે ગુજરાતના નાગરિકોને ડીજીટલ સુવિધા અને સુરક્ષા આપવામાં નિષ્ફળ ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડો.મનીષ દોશીએ જણાવ્યું હતું કે ડીજીટલ ગુજરાતમાં નસર્વરથ હાલતા-ચાલતા ડાઉન થઇ જાય છે. ડીજીટલ ગુજરાત સ્કોલરશીપ માટેના પોર્ટલમાં ઈ-કેવાયસીના નામે ગુજરાતના લાખો વિધાર્થીઓને સ્કોલરશીપ વંચિત રહેવું પડે તેવી પરીસ્થિતિનું નિર્માણ થયું અને પ્રથમ સત્ર પૂરું થવા આવ્યું છતાં માત્ર ૩૦ ટકા વિધાર્થીઓ જ ઈ-કેવાયસી કરી શકાય છે. ૭૦ ટકા વાલી-વિધાર્થીઓ હજુ પણ મુશ્કેલીનો સમાનો કરી રહ્યા છે.

રેશનકાર્ડ માટે તથા ઓનલાઈન ચકાસણી અને રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા હેઠળ મળવા પાત્ર અનાજ, ચોખા ઘઉં, ખાંડ, ખાદ્યતેલ, તુવેર દાળ, ચણા સહિત માટે ગુજરાતના ૩.૫૪ કરોડ નાગરીકો અવ્યવસ્થા અને અરાજકતાનો ભોગ બની રહ્યા છે. સરકારી સર્વર ન ચાલવાને કારણે ૩૦થી ૩૫ ટકા પરિવારો મળવા પાત્ર અન્ન સુરક્ષાના અધિકારથી વંચિત રહેવાની ફરજ પડી છે. બીજી બાજુ પોર્ટલમાં સોફ્ટવેરના ખેલમાં સસ્તા અનાજના દુકાનધારકો, સરકારના મળતિયાઓ અને અનાજ માફિયાઓ કરોડો રૂપિયાનું અનાજ જથ્થો ઘઉં, ચોખા, ખાંડ તુવેર દાળ સહીતને સગેવગે કરીને લાખો ગરીબોના મોં માંથી કોળિયો છીનવી રહ્યા છે.

ખેડૂતો માટેનું આઇ-ખેડૂત પોર્ટલ મોટાભાગે ખેડૂતોને જયારે જરૂરિયાત હોય જેમ કે મળવા પાત્ર જુદા જુદા લાભો, ચોક્કસ મુદ્દતમાં યોજનાની અરજી દરમિયાન વારંવાર બંધ થઈ જાય છે. ગુજરાતમાં કોલેજ અને યુનિવર્સીટીમાં વિધાર્થીઓના પ્રવેશ માટેનું જીકાસ પોર્ટલ વારંવાર નિષ્ફળ જતા હજારો વિધાથીઓને સરકારી ગ્રાન્ટેડ કોલેજોમાંથી ઓછી ફીમાં પ્રવેશ મેળવવાથી વંચિત રહેવું પડ્યું અને બોજી બાજુ જીકાસ પોર્ટલના અવ્યવસ્થા કારણે ખાનગી યુનિવર્સીટીમાં ઉંચી ફી સાથે પ્રવેશલેવાની ફરજ પડી. લર્નિંગ લાયસન્સ, એપોઇન્ટમેન્ટ, ડ્રાઈવીંગ ટેસ્ટ એપોઇન્ટમેન્ટ માટે આરટીઓનું સર્વર વારંવાર ખોટકાઈ જવાથી હજારો લોકો લાઇસન્સથી વંચિત રહેવું પડે છે અથવા નવા વાહન ચાલકોને લર્નીંગ લાયસન્સ ન મેળવી શકવાને કારણે ટ્રાફિક પોલીસના દંડના દમનનો ભોગ બનવું પડી રહ્યું છે. પીએમજીવાય અંતર્ગત આરોગ્ય સેવાના લાભ લેવા માટે અરજી કરવા સમયે પણ પોર્ટલ વારંવાર ખોટકાઈ જવાથી દર્દીના પરિવારજનોને મુશ્કેલીમાં મુકાતા હોય છે.આ સાથે સરકારના વિવિધ વિભાગની વેબસાઈટ ક્યારેક ડાઉન હોય અથવા માહિતી સમયસર અપડેટ થતી નથી. આવી સમસ્યા જીએમડીસી, જીઆઈડીસી, જીઈબી પ્રવાસન વિકાસધામ, સમાજ કલ્યાણ વિભાગ,પંચાયત, ગૃહ વિભાગ, શહેરી વિકાસ વિભાગ, મહેસુલ, કૃષિ વિભાગ અને વન અને પર્યાવરણ વિભાગ સહિતના મહત્વના વિભાગોમાં દર વર્ષે ડીજીટલાઈઝેશનના નામે કરોડો રૂપિયા ખર્ચવામાં આવે છે પણ તે નાણાનો ક્યાં ઉપયોગ થાય છે તે તપાસનો વિષય છે. ભાજપ સરકારના રાજમાં સાયબર છેતરપીંડી દ્વારા એક વર્ષ(૨૦૨૩)માં જ ગુજરાતમાં ૧૨૧૭૦૧ જેટલી સાયબર ફ્રોડની ફરિયાદ નોધાઈ છે.

સાયબર ગઠિયાઓ એ એક વર્ષમાં સાયબર છેતરપીંડીમાં ગુજરાતીઓ રૂપિયા ૬૫૦ કરોડના લૂટ્યા છે. સરેરાશ દર કલાકે ૧૩થી વધુ અને એક દિવસમાં સરેરાશ ૩૩૩થી વધુ સાયબર છેતરપીંડીના ગુન્હાઓ ગુજરાતમાં થઇ રહ્યા છે. વર્ષ ૨૦૨૩માં દેશમાં ૧૧૨૮૨૬૫ સાયબર ફ્રોડની ફરિયાદ નોધાઇ છે. જેમાં ઉત્તરપ્રદેશ ૧૯૭૫૪૭ સાથે પ્રથમ, મહારાષ્ટ્રમાં ૧૨૫૧૫૩ સાથે બીજા અને ગુજરાતમાં ૧૨૧૭૦૧ ફરિયાદ સાથે ત્રીજા ક્રમાંકે છે. ગુજરાતના નાગરીકોને સાઈબર સુરક્ષા આપવામાં ભાજપ સરકાર સદંતર નિષ્ફળ નીવડી છે.

ઈન્ફોર્મેશન ટેકનોલોજી અને કોમ્યુનિકેશનના યુગમાં ઈન્ટરનેટ વપરાશ આવશ્યક બન્યું છે ત્યારે ઓનલાઈન સર્ફીંગ, સોશીયલ મીડિયા, ઈ-બેન્કિંગ સહિતના સાઈબર ગુન્હાઓમાં ગુન્હાઓ ગુજરાતમાં સતત વધુ રહ્યા છે. મહિલા જાતીય સતામણી, મોબાઇલ, કોમ્પ્યુટર, ટેબલેટ, લેપટોપ દ્વારા ઈન્ટરનેટના માધ્યમથી કાયદા-કાનુનનો ભંગ કરીને થતી છેતરપીંડી ઓનલાઈન ફ્રોડ, આર્થીક ગુનાઓની ઘટનાઓ ગુજરાતમાં વધી રહી છે.સાયબર ફ્રોડથી બચવાની માહિતી ગુજરાતના નાગરિકોને મળીએ તે આવશ્યક છે ત્યારે ગુજરાતમાં સાઈબર ગુન્હાઓની તપાસ, કાર્યવાહી વગેરે માટે માત્ર ૧૪ જેટલા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન છે. ઉત્તરપ્રદેશમાં સાયબર ક્રાઈમની ૧૯૭૫૪૭ ફરિયાદો નોધાઈ જેમાં કુલ ૭૨૧.૦૭ કરોડ રૂપિયા ગુમાવ્યા. મહારાષ્ટ્રમાં ૧૨૫૧૫૩ ફરિયાદોમાં ૯૯૦.૬ કરોડ રૂપિયા અને ગુજરાતમાં ૧૨૧૭૦૧ ફરિયાદમાં ૬૫૦.૫૩ કરોડ રૂપિયા નાગરિકોના લુટાઈ ગયા છે. ગુજરાતમાં વધી રહેલા સાયબર ફ્રોર્ડને રોકવા ભાજપ સરકાર કડક અને ત્વરિત પગલા લે અને સાયબર સુરક્ષા અંગે યુવાનોમાં જાગૃતિના વધુમાં વધુ કાર્યક્રમો થાય એ સુનિશ્ચિત કરે.


7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT
SAPPHIRE
Skyline
Magnificent
4 BHK Flats & Penthouses
Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS GROUP
@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111
KALAVID

નો ફેવર, નો ફિઅર...
# સામના મિરર
Daily Morning Newspaper



## ડિજિટલ ભારતની સાથે
## તમે પણ બનો ડિજિટલ...





**તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...**





મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા

**વોટ્સએપ પર**

**Hi લખીને મોકલો**

**98983 17826**

**અને જોડાઇ જાવ અમારી સાથે...**


લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી
AM TRADING
ફ્રી એડવાઈઝરી
EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY
Design by:- With Me Digital : 9537300305
દરરોજ ફ્રી માહિતી મેળવવા
માટે આપેલ QR CODE SCAN
કરીને જોઈન કરો.
Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71

SAPPHIRE GOLD

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

સેફાયર છે ને.. !!
શું કામ ન મળે સપનાનું ઘર...

2 BHK Flats
618 Carpet

3 BHK Flats
824 Carpet

એકવાર સેમ્પલ ફ્લેટ તો જુઓ, બીજું કંઈ નહીં ગમે...

@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot

Contact : 94038 90004

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in

# PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લક્ઝરી ફર્નિચર સાથે સાતમો માળ

**રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો**
**મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા**

# તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે

**કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826**


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062